# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે સાધુ પોતાના સ્વરૂપમાં તત્પર થઈ પોતે કરેલાં દુષ્કૃતોની નિંદા કરે છે, ગુણવાન પુરુષોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઘણો આદર કરે છે તથા પોતાના મન-ઈન્દ્રિયોને જીતે છે—વશ કરે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૭૬૮.

(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૧૧૨)

● આત્મા તો સ્વભાવથી અત્યંત પવિત્ર છે, તેથી તે ઉત્કૃષ્ટ આત્માના વિષયમાં સ્નાન વ્યર્થ જ છે. તથા શરીર સ્વભાવથી અપવિત્ર જ છે, તેથી તે પણ કદી તે સ્નાન દ્વારા પવિત્ર થઈ શકતું નથી. આ રીતે સ્નાનની વ્યર્થતા બંનેય પ્રકારે સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો તે સ્નાન કરે છે તે તેને માટે કરોડો પૃથ્વીકાયિક, જળકાયિક અને અન્ય જંતુઓની હિંસાનું કારણ હોવાથી પાપ અને રાગનું કારણ થાય છે. ૧૭૬૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક-૨)

● આત્માનો નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં કોઈ સમર્થ નથી. તેથી તત્ત્વજ્ઞાનીઓએ ક્યાંય પણ કોઈ પણ પરપદાર્થમાં રોષ કે તોષ ન કરવા જોઈએ. ૧૭૭૦. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૧૦)

● જિનેન્દ્રકી ધ્વનિ દ્વારા ધર્મોપદેશ હોતા હૈ. કોઈ એક પુરુષકે ભીતર રત્નત્રયકા પ્રકાશ હોતા હૈ. માનવરૂપી અનેક પક્ષી હોતે હૈં. કોઈ માનવ પક્ષી અપની ચોંચરૂપી કર્ણસે ધર્મોપદેશરૂપી રત્નકો ગ્રહણ કર ભલે પ્રકાર ઉડ જાતા હૈ અર્થાત્ ઉસી રત્નકો અચ્છી તરહ ધારકર જીવન વીતાતા હૈ. ૧૭૭૧.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૪)

● મિથ્યાત્વીનું વા સમ્યગ્દષ્ટિનું જ્ઞેય પ્રયોજન જ્ઞાન તો એક જ પ્રકારનું છે, પરંતુ ભેદ એટલો જ છે કે—મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે અને સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાં યથાર્થરૂપ સાધે. તેથી તે સમ્યગ્દષ્ટિને ચારિત્રના અશુદ્ધ પરિણમનથી બંધ થઈ શકતો નથી. તે ઉપયોગ પરિણામોએ બંધ—આસ્રવ એ અશુદ્ધ પરિણમનની શક્તિ રોકી રાખી છે તેથી તે નિરાસ્રવ—નિર્બંધ છે. ૧૭૭૨. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૬૧)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
વર્ષ–૧૪
અંક–૨
વિ. સંવત ૨૦૭૫
October A.D. 2019
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## સાધકના ભગવાન


શ્રી મહાવીરસ્વામી

પ્રભો ! આપ મોક્ષ પધાર્યા.... સિદ્ધાલયવાસી થયા... ક્ષેત્રે ભલે દૂર થયા પણ અમારા જ્ઞાનમાંથી આપ દૂર નથી, પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપે આપ અમારા જ્ઞાનમાં વર્તી જ રહ્યા છો. અને અમારું આ જ્ઞાન આપના ઉપર મીટ માંડીને આપના પગલે–પગલે, આપના આનંદમાર્ગે આવી જ રહ્યું છે.... ક્ષણે ક્ષણે વિરહ તૂટતો જાય છે. અંતર ઓછું થતું જાય છે.

આપ અત્યારે ભરતક્ષેત્રમાં ભલે ન હો, પણ આપના પગલાં તો અહીં શોભી જ રહ્યા છે, આપનો માર્ગ તો ચાલી જ રહ્યો છે... અહા ! કેવો સુંદર છે આપનો માર્ગ ! કેવા સુંદર છે આપના માર્ગે ચાલનારા જીવો ! પ્રભો ! આપના આ માર્ગે ચાલતાં અમને આનંદ થાય છે. અને એમ થાય છે કે વાહ દેવ ! આપ તો સાધકના હૃદયમાં સદા બિરાજમાન છો... આપ ખરેખર સાધકના ભગવાન છો... અમારા ભગવાન છો... નમસ્કાર છે આપને.... અને આપના માર્ગને.... અમેય આનંદથી એ માર્ગે આવી રહ્યા છીએ.

શ્રી મહાવીરાય નમઃ

# દીપાવલી–દીવાળીના દિવસે

અંતરમાં એવા મહા ઉજ્જ્વળ જ્ઞાન દીપકો પ્રગટાવો કે જેથી અજ્ઞાન અંધકારનો સંપૂર્ણપણે નાશ થઈ જાય.

સ્વરૂપલક્ષ્મીની એવી પૂજા કરો કે ફરીથી જડલક્ષ્મીની જરૂર જ ન પડે. શારદા-સરસ્વતી—ભગવાનના દિવ્યધ્વનિની અથવા ભાવશ્રુત-કેવળજ્ઞાનની એવી પૂજા કરો કે ફરીથી લૌકિક શારદાપૂજનની જરૂર જ ન રહે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી એવા નિશ્ચય દિવ્યરત્નો પ્રાપ્ત કરો કે જેથી પૌદ્‌ગલિક જડરત્નોની જરૂર જ ન રહે.

ભગવાને કહેલા અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહરૂપી એવા અમૂલ્ય આભૂષણો ધારણ કરો કે લૌકિક આભૂષણો ધારણ કરવા જ ન પડે.

આત્મસુખ લાવનાર મંગલમય સ્વકાલ (સ્વ-અવસ્થા) પ્રગટ કરો કે ફરીથી ક્યારેય પણ અમંગલ થવા જ ન પામે. એવો આત્મ સ્વભાવરૂપ પાવન ધૂપ પ્રગટાવો કે જેની સુવાસ ચારે તરફ ફેલાય અને જેમાં દ્રવ્ય-ભાવકર્મ બળીને ભસ્મીભૂત થઈ જાય કે જેથી ફરીને તે ઉત્પન્ન જ ન થાય.

આત્માના અત્યંત મિષ્ટ, સ્વાદિષ્ટ અને અપૂર્વ પ્રકારનાં જ્ઞાનામૃત ભોજન એવા જમો કે ફરી પૌદ્‌ગલિક મિષ્ટાનની જરૂર જ ન રહે. નિર્વાણ લાડુ એવા ચડાવો કે જેથી સ્વરૂપશ્રેણી ચડતાં અપ્રતિહતભાવે નિર્વાણની પ્રાપ્તિ થાય જ.

મહાવીર નિર્વાણ કલ્યાણક મંગલ દિને એવું આત્મિક મહાવીર્ય અંતરમાં ઉછાળો કે જેથી મહાવીર તુલ્ય દશાની પ્રાપ્તિ થઈ જાય. મોહ-રાગદ્વેષના ફટાકડા એવા ફટફટ ફોડી નાખો કે જેથી સંસારમાં પરિભ્રમણ કરીને 'ફટફટ' થવાનો પ્રસંગ જ પ્રાપ્ત ન થાય.


આત્માના અસંખ્ય પ્રદેશમાં અનંત જ્ઞાનદીપકો પ્રગટે તે જ ખરી દીવાળી છે અને આને માટે સતત પ્રયત્નશીલ રહેનાર જીવે જ ખરી દિવાળી ઊજવી કહેવાય.

આવી દિવાળી ઊજવનાર જ ખરેખર નિત્ય અભિવંદન તથા અભિનંદનને પાત્ર છે.

## નૂતનવર્ષાભિનંદન

સર્વે જીવોને આત્મિક સુખ સમૃદ્ધિ હો અને ધર્મ વાત્સલ્યમાં અપાર વૃદ્ધિ હો !

# દીવાળીના દિવસે આટલું કરજો



(૧) સવારમાં મંગલ દીવડાના ઝગમગાટમાં ઊઠતાવેંત મહાવીર ભગવાનના વીતરાગી ગુણોને યાદ કરજો... ને આપણે તેમના માર્ગે જઈને તેમના જેવા થવાનું છે તેવી ભાવના ભાવજો.

(૨) 'દીવાળી'નો દિવસ આનંદથી શા માટે ઊજવાય છે તેનો સાચો ઈતિહાસ જાણજો. એ દિવસે આપણા મહાવીર તીર્થંકર આ સંસારથી છૂટીને મોક્ષપદ પામ્યા હતા—સિદ્ધપદ પામ્યા હતા, ને પાવાપુરીમાં ભગવાનના મોક્ષનો મહાન ઉત્સવ દેવોએ તેમજ રાજાઓએ અને લાખો લોકોએ લાખો દીપકોના ઝગમગાટ વચ્ચે ઉજવ્યો હતો.—આજે પણ આપણે એ ઉત્સવ દ્વારા મહાવીર ભગવાનના મોક્ષગમનને યાદ કરીને તેની ભાવના ભાવીએ છીએ.

(૩) સવારમાં પહેલવહેલા તો આનંદ ઉલ્લાસપૂર્વક ઘરમાં સૌ ભેગા મળીને ભગવાનની સ્તુતિ કરજો... ભગવાનનું ઉત્તમ જીવન યાદ કરજો. પછી જિનમંદિરે જઈ પ્રભુનાં દર્શન-પૂજન કરજો ને ત્યાંના ઉત્સવમાં હોંશથી ભાગ લેજો. દીવડા વગેરે ઉત્તમ શોભા વડે પ્રસિદ્ધ કરજો કે આજે અમારા ભગવાનના મોક્ષનો દિવસ છે.

આજનો દિવસ એ સંસારના આનંદ-પ્રમોદનો દિવસ નથી, પણ મોક્ષની ભાવનાનો દિવસ છે, એટલે નાટક-સિનેમાં વગેરે પાપકાર્યોને આજે તો યાદ પણ ન કરતા. દારૂખાનું ફોડવું—એ પણ કાંઈ દીવાળી ઉજવવાની સાચી રીત નથી. આજે તો સિદ્ધપદને યાદ કરીને ઠેઠ મોક્ષ સુધીની ઊંચી ઊંચી ભાવનાઓ ભાવજો, ધર્મની વૃદ્ધિના ઊંચા ઊંચા સંકલ્પ કરજો.... અને જૈનધર્મની પ્રભાવના માટે, મહાન દેવ-ગુરુ-ધર્મની સેવા માટે જે કાંઈ થઈ શકે તે તન-મન-ધનથી કરજો, કોઈ ઉત્તમ નવીન શાસ્ત્રની સ્વાધ્યાયનો મંગલ પ્રારંભ કરજો, સૌ સાધર્મીજનોને પ્રેમથી આદર-સન્માનપૂર્વક આનંદથી હળજોમળજો—ને એવી ઉત્તમ ધર્મચર્ચા કરજો કે જેના સંસ્કારના બળે આખાય વર્ષમાં ઉત્તમ ભાવોની કમાણી થયા કરે...જ્ઞાનના મંગલ દીવડા પ્રગટે.

"અમે તો જિનવરના સંતાન.... જિનવરપંથે વિચરશું"



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૭૨ ઉપર પ્રવચન)

**શ્રી ગુરુ સમજાવે છે કે :**

## ભાઈ ! તું સદાય ભગવાન સ્વરૂપ જ છો

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અનાદિ-અનંત જ્ઞાતાદ્રવ્ય છે—એમ રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન જે સમયે થાય તે જ સમયે બંધનો નિરોધ કઈ રીતે થાય છે ?—એમ જિજ્ઞાસુ શિષ્ય પ્રશ્ન કરે છે તેને આચાર્ય મહારાજ સમજાવે છે કે જે આસ્રવો છે તે અપવિત્ર છે, જડ છે તથા આકુળતાના ઉપજાવનારા છે અને ભગવાન આત્મા તો મહા પવિત્ર ચૈતન્યસ્વભાવી તથા દુઃખનું અકારણ છે—એમ બંનેના ભિન્ન-ભિન્ન લક્ષણો જાણીને આ જીવ ભેદજ્ઞાન કરે છે તે જ સમયે આસ્રવોથી નિવર્તે છે. તેથી જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. કેમ કે જો આત્મા અને આસ્રવોનો ભેદ જાણવા છતાં આસ્રવોથી નિવૃત્ત ન થાય તો એ અજ્ઞાન જ રહ્યું, ભેદજ્ઞાન ન થયું. આત્મા અને આસ્રવોનું પારમાર્થિક ભેદજ્ઞાન ત્યારે થયું કહેવાય કે જ્યારે આસ્રવોથી નિવર્તન થાય, અને આસ્રવોથી નિવર્તન થતાં બંધનો નિરોધ થાય છે. તેથી આત્મસ્વભાવનું સમ્યક્ જ્ઞાન થતાં જ બંધનો નિરોધ થાય છે.

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વભાવનો પિંડ છે, એવા સ્વરૂપનું રાગથી ભિન્ન પડીને, જ્ઞાન થતાં માત્ર બંધ અટકી ગયો ?—આત્મા રાગથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન થયું ત્યાં ભેદજ્ઞાન થતાં જ્ઞાનમાત્રથી કર્મનું બંધન મટી ગયું ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

અરે ! આવી વાત સાંભળવા પણ મળે નહીં એ જિંદગી તો ઢોર જેવી જિંદગી છે. આહાહા ! શિષ્યને જ્યારે એમ કહેવામાં આવ્યું કે શાંતિનો સાગર ભગવાન આત્મા છે, તેનું રાગથી ભિન્ન પડીને જ્ઞાન થયું એ વાસ્તવિક જ્ઞાન છે, તે જ્ઞાનથી બંધનો નિરોધ થયો. ત્યારે આ સાંભળીને તેને એમ જિજ્ઞાસા થઈ કે પ્રભુ ! રાગની ક્રિયારૂપ જે આસ્રવ તેનાથી

**આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા બિન કહિયે,**
**આકુલતા શિવમાંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે;** —શ્રી છઢાળા

ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું તેને કર્મના બંધનો નિરોધ કઈ રીતે છે ? આવી જેને જિજ્ઞાસા ઊઠી છે, જિજ્ઞાસા પ્રગટી છે તેને ઉત્તરરૂપે આ ગાથામાં કહેવામાં આવે છે.

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

## ભગવાન આત્મા મહા પવિત્ર જ છે

જળમાં જેમ શેવાળ છે, મળ છે, એ મેલ છે. તે શેવાળની માફક આસ્રવો અર્થાત્ હિંસા-જૂઠું આદિ અશુભભાવો તથા દયા-દાન આદિના શુભભાવો મળપણે છે. મેલપણે છે. અંદરમાં જે દયા દાન આદિનો ભાવ ઊઠે છે તે રાગ છે, આસ્રવ છે તે મેલ છે, મળ છે. જળમાં શેવાળની માફક પુણ્ય-પાપના ભાવ ભગવાન આત્મામાં છે, પણ મેલ છે. અને મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ-અપવિત્ર છે. !?

વ્રત-તપ ને ભક્તિ આદિનો ભાવ હો પણ તે આસ્રવ છે. મેલપણે વેદાય છે, મેલપણે અનુભવમાં આવે છે તેથી તે અશુચિ છે. જળમાં જેમ શેવાળ, મળ ને મેલ છે તેમ ભગવાન આત્મામાં શુભ ને અશુભભાવ શેવાળની માફક મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે, શુભભાવ કે જે પર્યાયમાં થાય છે, દ્રવ્યગુણમાં તો નથી પણ અવસ્થામાં થાય છે તે અશુચિ છે, અપવિત્ર છે.

ભગવાન આત્મા આનંદનો નાથ મહા પવિત્ર વસ્તુ છે ને શુભાશુભભાવ છે તે જળમાં શેવાળની માફક મળ છે, મેલ છે ને મેલપણે અનુભવાય છે તેથી તે અશુચિ છે, અપવિત્ર છે. લોકો દૃષ્ટિની ઊંધાઈથી દયા-દાન આદિ શુભરાગને ધર્મ માને છે, પવિત્ર માને છે પણ દૃષ્ટિની ઊંધાઈના એ ફળમાં નિગોદ છે. અહીં તો કહે છે કે અશુભ છોડીને શુભમાં આવ્યો પણ તે જળમાં જેમ શેવાળ છે તેમ, એ મેલ છે.

એક કોર પુણ્ય-પાપની અપવિત્રતા બતાવીને ભગવાન આત્માની પવિત્રતા બતાવી કે સદાય અતિ નિર્મળ જાણન-દેખન સ્વભાવવાળો જ્ઞાયક હોવાથી અતિ શુચિ જ છે. ભગવાન આત્મા ચૈતન્યમાત્ર સ્વભાવપણે સદાય અતિ નિર્મળ જ્ઞાયક હોવાથી અતિ શુચિ જ છે, અતિ નિર્મળ જ છે, પવિત્રતાનો પીંડ છે, અતિ પવિત્ર જ છે, અતિ ઉજ્જ્વળ જ છે.

જ્ઞાનમાત્રથી બંધ કેમ અટકી જાય છે ? એવી જિજ્ઞાસા જાગી છે તેને આ ઉત્તર કહેવાય છે કે જેમ જળમાં શેવાળ મેલપણે છે તેમ પુણ્યના ભાવો મેલપણે છે ને મેલપણે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણ શિવ-મગ, સો દ્વિવિધ વિચારો,**
**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો. ૧. –શ્રી છઢાળા**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)



ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ચારે ભાવો ક્ષણિક છે, તેની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી. એ ચારે ભાવોથી નિરપેક્ષ આત્માનો પરમપારિણામિક સ્વભાવ છે તે ત્રિકાળ એકરૂપ છે, તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આત્માનું સદાય પૂરું સ્વરૂપ છે તે શુદ્ધભાવ છે, તે ત્રિકાળ છે. વર્તમાન પર્યાયમાં વિકારમાં એકતારૂપ જે અશુદ્ધભાવ છે તે ટાળીને શુદ્ધભાવ પ્રગટ કરવો તે મોક્ષમાર્ગ છે. પર્યાયમાં શુદ્ધભાવ કેવી રીતે પ્રગટે? જે ત્રિકાળી શુદ્ધભાવ છે તેને જાણીને પર્યાયમાં તેને જ ઉપાદેયરૂપે સ્વીકારતાં, વિકાર સાથેની એકતા છૂટીને ત્રિકાળી શુદ્ધભાવ સાથે પર્યાયની એકતા થાય છે; દ્રવ્ય-પર્યાય અભેદ એકરૂપ થતાં, જેવો દ્રવ્યનો ત્રિકાળી શુદ્ધભાવ છે તેવો પર્યાય થઈ જાય છે એટલે કે પર્યાયમાં શુદ્ધભાવ પ્રગટે છે.—આ મોક્ષમાર્ગ છે.

આત્મા પોતાના પર્યાયમાં જે ક્રોધ-માન-માયા-લોભ વગેરે વિકારી ભાવો કરે છે તેમાં કર્મનો ઉદય નિમિત્ત છે તેથી તે ભાવને ઔદયિકભાવ કહેવાય છે. કાંઈ કર્મનો ઉદય જીવને વિકાર કરાવતો નથી પણ જીવ પોતે સ્વભાવની આધીનતા છોડીને કર્મના લક્ષે વિકાર કરે છે. આત્મા તે વિકારી ભાવથી અગોચર છે.

પ્રશ્ન :—નાટક-સમયસારમાં તો પર્યાયદૃષ્ટિથી આત્માને પરાધીન કહ્યો છે?

ઉત્તર :—પરાધીનતાનો અર્થ એવો નથી કે કર્મો જીવને વિકાર કરાવે છે. ત્યાં કહ્યું છે કે દ્રવ્યદૃષ્ટિથી આત્મા સદાય સ્વાધીન છે અને પર્યાયદૃષ્ટિએ પરાધીન છે; એટલે કે જો જીવ પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે તો તેને સ્વાધીનતા છે, ને વિકાર થતો નથી. અને જો પર્યાયદૃષ્ટિથી જુએ તો પર્યાયમાં વિકાર છે. અજ્ઞાની જીવ પર્યાયદૃષ્ટિથી પોતે પરને આધીન થઈને વિકાર કરે છે માટે તેને પરાધીન કહ્યો છે. પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને હેરાન કરે એવો પરાધીનતાનો અર્થ નથી. જીવ કર્મને આધીન છે એવી માન્યતા તો તીવ્ર

**પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ,**
**આપરૂપકો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ;** —**શ્રી છઢાળા**

અજ્ઞાન છે. અહીં તો કહે છે કે, કર્મના લક્ષે જે વિકારી ભાવો થાય તે આત્માનું સ્વરૂપ નથી, તેનાથી આત્મા ઓળખાતો નથી. તીર્થંકર નામકર્મ બંધાય તેવો ભાવ પણ આત્મા નથી, ને તે ઉપાદેયતત્ત્વ નથી. ઔદયિકભાવ એક સમય પૂરતો જ છે, એકેક સમય થઈને અનંતકાળ ગયો છે, તે એક સમયના ઔદયિકભાવ જેટલો આત્મા નથી. ઔદયિકભાવ આત્માના પર્યાયમાં જ થાય છે અને જ્યાં સુધી જીવ ન ટાળે ત્યાં સુધી દરેક સમયે તે નવા નવા થયા કરે છે. એ રીતે પર્યાયમાં ઔદયિકભાવ છે, તે જીવનું સ્વરૂપ નથી. ઔદયિકભાવ તે જીવ છે—એવી શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થતું નથી.

બીજો ઔપશમિકભાવ છે તેનાથી પણ આત્મા અગોચર છે. જેમ પાણી સ્વચ્છ થઈ ગયું હોય ને મેલ નીચે ઠરી ગયો હોય તેમ આત્મામાં એવા પ્રકારનો પુરુષાર્થ પ્રગટે કે વર્તમાન નિર્મળભાવ હોય અને નિમિત્તરૂપ કર્મનો ઉદય ઠરી ગયો હોય અર્થાત્ મોહકર્મ સત્તામાં હોય પણ ઉદયમાં ન હોય—એને ઉપશમભાવ કહેવાય છે. ઉપશમભાવ જો કે આત્માની નિર્મળદશા છે પણ તે એક સમયપૂરતી દશા જેટલું આત્મસ્વરૂપ નથી, માટે તે પણ હેય છે.

પ્રશ્ન :—પુણ્ય વિકારીભાવ છે તેથી તેને ઉપાદેય ન કહ્યા—એ તો બરાબર છે, પરંતુ આ ઉપશમભાવ તો આત્માનો નિર્મળભાવ છે, તેને હેય શા માટે કહો છો?

ઉત્તર :—અહીં શુદ્ધ જીવતત્ત્વ બતાવવું છે. શુદ્ધ જીવતત્ત્વ ઉપશમભાવથી અગોચર છે. 'ઉપશમભાવ તે આત્મા છે' એવી શ્રદ્ધા કરવાથી આખું આત્મસ્વરૂપ અનુભવમાં આવતું નથી; માટે શ્રદ્ધા અપેક્ષાએ અહીં ઉપશમભાવને હેય કહ્યો છે, અને ક્ષયોપશમ તથા ક્ષાયિકભાવને પણ હેય કહ્યા છે.

પ્રશ્ન :—ઉપશમભાવથી આત્મા અગોચર છે એમ કહ્યું, તો શું ઉપશમભાવવડે આત્માનો અનુભવ નથી થતો?

ઉત્તર :—ઉપશમભાવ જ્ઞાનીને જ હોય, અજ્ઞાનીને ન હોય; એટલે જો કે ઉપશમભાવથી આત્માનો અનુભવ થઈ શકે છે પરંતુ જ્યાં સુધી ઉપશમભાવ ઉપર લક્ષ રહે ત્યાં સુધી અખંડ શુદ્ધાત્માનો અનુભવ થતો નથી; માટે અહીં કહ્યું કે ઉપશમભાવથી આત્મા અગોચર છે, તેનો આશય એમ સમજવો કે ઉપશમભાવના લક્ષે આત્મા અનુભવમાં આવી શકતો નથી કેમ કે આખો આત્મા એક ઉપશમભાવ જેટલો નથી.

**આપરૂપમેં લીન રહે થિર, સમ્યક્‌ચારિત સોઈ,**
**અબ વ્યવહાર મોખમગ સુનિયે, હેતુ નિયતકો હોઈ. ૨.** —**શ્રી છઢાળા**

ત્રીજો ક્ષયોપશમભાવ છે તેનાથી પણ આત્મા અગોચર છે. જેમ ઠરેલ પાણીમાં કાંકરો નાંખતા થોડો ડોળ ઉપર આવે તેમ આત્માની દશામાં થોડોક નિર્મળભાવ ને કંઈક મલિનભાવ હોય તે ક્ષયોપશમભાવ છે. આત્મા આ ક્ષયોપશમભાવ જેટલો નથી માટે તે ક્ષયોપશમભાવના લક્ષે આત્મા પકડાતો નથી. ઉપર ઉપશમભાવમાં કહ્યું છે તે મુજબ અહીં પણ સમજવું.

હવે ચોથો ક્ષાયિકભાવ છે તેનાથી પણ આત્મા અગોચર છે. ક્ષાયિકભાવ પૂર્ણ નિર્મળ છે, તેમાં વિકાર નથી અને નિમિત્તરૂપ કર્મોનો ક્ષય થયો છે. આત્માનો આ ભાવ એક સમયપૂરતો જ છે; પ્રગટ્યા પછી તે સદાય એવો ને એવો રહે છે, પરંતુ તે ત્રિકાળ એકરૂપ ભાવ નથી; પહેલાં ન હતો અને પછી પ્રગટ્યો—એવા બે ભેદ ક્ષાયિકભાવમાં પડે છે, તે આત્માનું અખંડ સ્વરૂપ નથી. ક્ષાયિકભાવ જેટલો આત્મા નથી. ક્ષાયિકભાવ જેટલો જો આત્મા હોય તો, જ્યારે ક્ષાયિકભાવ ન હતો ત્યારે શું આત્મા ન હતો ? ક્ષાયિકભાવ ન હતો ત્યારે પણ આત્મસ્વભાવ તો પૂરેપૂરો એકરૂપ હતો. ક્ષાયિકભાવના અભાવમાં કે તેના સદ્‌ભાવમાં જે સદાય એકરૂપ સ્વભાવ છે તે જ આત્મા છે. ક્ષાયિકભાવ તે હું છું—એવી શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી. આત્માના પૂરેપૂરા સ્વભાવને કબૂલ્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ. એક સમયની અવસ્થા તે આખી વસ્તુ નથી. ક્ષાયિકભાવ તો આત્માનું ક્ષણિકસ્વરૂપ છે, તે કાંઈ પૂરું સ્વરૂપ નથી. માટે અહીં કહ્યું કે ક્ષાયિકભાવથી પણ આત્મા અગોચર છે. સંપૂર્ણ કેવળજ્ઞાનદશા તે ક્ષાયિકભાવ છે. જો કે તે ક્ષાયિકભાવમાં આખા આત્માનું જ્ઞાન આવી જાય છે તેથી ક્ષાયિકભાવથી આત્મા ગોચર છે, પરંતુ ક્ષાયિકભાવ જેટલો જ આત્માને માનવાથી શુદ્ધ આત્મા જણાતો નથી, એ અપેક્ષાએ અહીં કથન છે.

ક્ષાયિકજ્ઞાનમાં આત્મા અને બધાય પદાર્થો જણાય છે, પણ તે જ્ઞાન એમ જાણે છે કે કેવળજ્ઞાન પોતે આત્માની એક જ સમય પૂરતી દશા છે, તે જ કાંઈ ત્રિકાળી આત્મદ્રવ્ય નથી. આત્મદ્રવ્ય તો ત્રણેકાળના પર્યાયો અને અનંત ગુણોથી અભેદરૂપ સદાય એક સરખા સ્વભાવે રહેનાર છે. કેવળજ્ઞાનમાં કાંઈ એમ જણાતું નથી કે—આ એક ક્ષાયિકદશા તે જ આખો આત્મા છે. (ક્રમશઃ) ❋

**જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો,**
**નિર્જર મોક્ષ કહે જિન તિનકો, જ્યોં કા ત્યોં સરધાનો;** –શ્રી છઢાળા



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, પરમાત્માનું સ્વરૂપ કહે છે :—

**ससरीरा अरहंता, केवलणाणेण मुणियसयलत्था ।**
**णाणसरीरा सिद्धा, सव्वुत्तम सुक्खसंपत्ता ।।१९८।।**

અર્થ :—શરીરસહિત અરહંત છે; તે કેવા છે? કેવલજ્ઞાન દ્વારા જેઓ સકલ પદાર્થોને જાણે છે તે પરમાત્મા છે; તથા શરીરરહિત અર્થાત્ જ્ઞાન જ છે શરીર જેઓને તે સિદ્ધ છે. કેવા છે તે? તે શરીરરહિત પરમાત્મા સર્વ ઉત્તમ સુખોને પ્રાપ્ત થયા છે.

ભાવાર્થ :—તેરમા ને ચૌદમા ગુણસ્થાનવર્તી અર્હંત શરીરસહિત પરમાત્મા છે તથા સિદ્ધપરમેષ્ઠી શરીરરહિત પરમાત્મા છે.

હવે, પરમાત્માનું સ્વરૂપ કહે છે.

સિદ્ધ ભગવાન તો શરીરરહિત ચૈતન્યબિમ્બ થઈ ગયા છે અને અરિહંત ભગવાન શરીર સહિત સર્વજ્ઞ પરમાત્મા છે. તે પરમાત્મા, આત્માની પૂર્ણ જ્ઞાન-આનંદ લક્ષ્મીને પ્રાપ્ત છે. સિદ્ધ ભગવાન ક્યાં છે? લોકમાં જ છે. અરિહંત ભગવાન પણ લોકમાં હમેશા હોય જ છે. લોક ક્યારેય અરિહંત ભગવાન રહિત હોતો નથી. લોકમાં અરિહંત-સિદ્ધ પરમાત્મા, ત્રણ પ્રકારના અંતરાત્મા અને બહિરાત્મા—એવા જીવોનો ક્યારેક વિરહ નથી હોતો; એવા જીવ જગતમાં હમેશા રહે છે.

હવે, 'પરા' શબ્દનો અર્થ કહે છે :—

**णिस्सेसकम्मणासे, अप्पसहावेण जा समुप्पत्ती ।**
**कम्मजभावखए वि य सा वि य पत्ती परा होदि ।।१९९।।**

અર્થ :—જે સમસ્ત કર્મોનો નાશ થતાં પોતાના સ્વભાવથી ઊપજે તેને 'પરા' કહીએ છીએ. વળી કર્મથી ઊપજતા ઔદયિકાદિ ભાવોનો નાશ થતાં જે ઊપજે તેને પણ 'પરા' કહીએ છીએ.

ભાવાર્થ :—પરમાત્મા શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'પરા' એટલે ઉત્કૃષ્ટ તથા

**હૈ સોઈ સમકિત વ્યવહારી, અબ ઇન રૂપ બખાનો,**
**તિનકો સુન સામાન્ય-વિશેષૈં, દિઢ પ્રતીત ઉર આનો. ૩. —શ્રી છઢાળા**

'મા' એટલે લક્ષ્મી; તે જેને હોય એવા આત્માને પરમાત્મા કહીએ છીએ. જે સમસ્ત કર્મોનો નાશ કરી સ્વભાવરૂપ લક્ષ્મીને પ્રાપ્ત થયા છે એવા સિદ્ધ, તે પરમાત્મા છે. વળી ઘાતિકર્મોના નાશથી અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મીને જેઓ પ્રાપ્ત થયા છે એવા અરહંત, તે પણ પરમાત્મા છે. વળી તેઓ જ 'ઔદયિકાદિ ભાવોનો નાશ કરી પરમાત્મા થયા' એમ પણ કહીએ છીએ.

હવે, પરા શબ્દનો અર્થ કહે છે.

જડકર્મનો અને વિભાવનો નાશ થવાથી ભગવાન આત્મા પોતાના ઉત્કૃષ્ટ ચેતનસ્વભાવથી ઉત્પન્ન થાય છે, તેમને ઉત્કૃષ્ટ ચેતન લક્ષ્મી પ્રગટ થઈ છે માટે તે પરમાત્મા છે.

પરમાત્મા શબ્દનો અર્થ એ છે કે જે પરા એટલે ઉત્કૃષ્ટ જ્ઞાન અને મા એટલે લક્ષ્મી જેમને પ્રગટ થઈ છે—એવા આત્માને પરમાત્મા કહે છે. જે સમસ્ત કર્મોનો અભાવ કરીને સ્વભાવ લક્ષ્મીને પ્રાપ્ત થયા છે, એવા સિદ્ધ પરમાત્મા છે તથા ઘાતિકર્મોના નાશ થવાથી જેમણે અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મીને પ્રાપ્ત થયા છે, તે અરિહંત પણ પરમાત્મા છે. તેઓ જ ઔદયિક આદિ ભાવોનો નાશ કરીને પરમાત્મા થયા—એમ પણ કહે છે.

ભાઈ ! બાહ્ય જડલક્ષ્મી આત્માની નથી. જેમને આત્માની પરિપૂર્ણ ચૈતન્યલક્ષ્મી પ્રગટ થઈ છે, તે પરમાત્મા છે. જેમણે ભાવકર્મ અને દ્રવ્યકર્મના અભાવથી અનંત ચતુષ્ટરૂપ સ્વભાવલક્ષ્મી પ્રગટ કરી છે. તે અરિહંત અને સિદ્ધ ભગવાન પરમાત્મા છે. સિદ્ધ ભગવાનને તો ક્ષાયિક અને પારિણામિકભાવ જ છે, અરિહંત ભગવાનને ક્ષાયિક અને પારિણામિકભાવ તો છે જ, પણ હજી યોગ આદિનો ઉદયભાવ છે. કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ પ્રગટ થયો છે તે તો આત્માનો સ્વભાવ છે, માટે તે ધર્મ છે. શાસ્ત્રમાં ક્યારેક વિકારને પણ ધર્મ કહેવામાં આવે છે કારણ કે તે પર્યાયધર્મ છે. વિકારીપર્યાય પણ પોતાની છે તે અપેક્ષાથી તેને ધર્મ કહે છે. તે કોઈ મોક્ષના તે કારણરૂપ ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ ધર્મ કહે છે અને કેવળજ્ઞાનને પણ ધર્મ કહે છે. કેવળજ્ઞાન આત્માનો સ્વભાવભાવ છે, માટે તે ધર્મ છે. કેવળી પરમાત્માને કેવળજ્ઞાન અને પૂર્ણાનંદદશા પ્રગટ થઈ છે.

**બહિરાતમ, અંતર-આતમ, પરમાતમ જીવ ત્રિધા હૈ,**
**દેહ-જીવકો એક ગિને બહિરાતમ તત્ત્વમુધા હૈ;** –શ્રી છઢાળા

હવે, કોઈ 'જીવોને સર્વથા શુદ્ધ જ' કહે છે તેના મતને નિષેધે છે :—

जइ पुण सुद्धसहावा, सव्वेजीवा अणाइकाले वि ।
तो तवचरणविहाणं, सव्वेसिं णिप्फलं होदि ॥२००॥
ता किह गिह्लदि देहं, णाणाकम्माणि ता कहं कुणदि ।
सुहिदा वि य दुहिदा वि य, णाणारूवा कहं होंति ॥२०१॥

અર્થ :—જો બધાય જીવો અનાદિકાળથી પણ શુદ્ધસ્વભાવરૂપ છે તો બધાયને તપશ્ચરણાદિ વિધાન છે તે નિષ્ફળ થાય છે.

જો જીવ સર્વથા શુદ્ધ જ છે તો દેહને કેમ ગ્રહણ કરે છે? નાના પ્રકારનાં કર્મોને કેમ કરે છે? તથા 'કોઈ સુખી છે–કોઈ દુ:ખી છે' એવા નાના પ્રકારના તફાવતો કેમ હોય છે? માટે તે સર્વથા શુદ્ધ નથી.

હવે કહે છે કે અનાદિથી બધા જીવો પર્યાયમાં શુદ્ધ નથી. સ્વભાવથી શુદ્ધ છે, પણ પર્યાયમાં અનાદિથી શુદ્ધતા નથી. બધા જીવ, હમેશા પર્યાયથી શુદ્ધ જ છે—એવી માન્યતાનો અહીં નિષેધ કરે છે.

લોકમાં પર્યાયમાં અશુદ્ધતાવાળા જીવ પણ છે. જીવને અનાદિથી પર્યાયમાં અશુદ્ધતા છે. જો પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો વ્રત, તપ આદિ કેમ કરે છે ? અશુદ્ધતા ન હોય તો અશુદ્ધતાના અભાવનો ઉપાય કેમ કરવામાં આવે છે ?

જુઓ, તેરમાં-ચૌદમાં ગુણસ્થાનમાં પણ જેટલા ઔદયિકભાવ છે, તેટલી અશુદ્ધતા છે. માટે દેહનો સંયોગ છે તો પછી અન્ય સંસારી જીવોને અશુદ્ધતા થશે જ. જો અશુદ્ધતા ન હોય તો દેહનો સંયોગ કેમ થશે તથા શુભ-અશુભભાવ કેમ થશે ? ક્યારેક દયાના ભાવ, ક્યારેક હિંસાના ભાવ—એમ અલગ-અલગ પ્રકારના કર્મોને જીવ શા માટે કરશે ? સિદ્ધ ભગવાન તો કૃતકૃત્ય છે પણ સંસારી જીવોની પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. સ્વભાવથી શુદ્ધતા અને પર્યાયમાં અશુદ્ધતા—એમ બંને પડખેથી જાણવું જોઈએ.

ભાઈ ! જીવ સર્વથા શુદ્ધ જ નથી. જો સર્વથા શુદ્ધ જ હોત તો મોક્ષનો ઉપાય કરવાનો રહેતો નથી. લોકની સ્થિતિ જ એવી છે કે જીવમાં અમુક અંશે શુદ્ધતા અને અમુક અંશે અશુદ્ધતા—એવા જ્ઞાન વિના લોક અનુપ્રેક્ષા સાચી થતી નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

**ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધકે અન્તર-આતમ જ્ઞાની,**
**દ્વિવિધ સંગ બિન શુધ-ઉપયોગી મુનિ ઉત્તમ નિજધ્યાની. ૪. –શ્રી છઢાળા**

## શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

હું જ્ઞાતાદ્રષ્ટા ને આનંદસ્વરૂપ છું, પરમાં મારું જ્ઞાન નહીં ને આનંદ નહીં, પરને લઈને મારી ચીજમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહીં—એમ જાણવું ને માનવું તેને હોંશિયારી કહેવાય છે ને બાકી બધી મૂઢતા કહેવાય છે.

આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન છે ને શરીરાદિ અજીવ તો પરતત્ત્વ છે ને બીજા આત્માઓ એ બીજા જીવતત્ત્વ છે એમ જુદા તત્ત્વોના જુદાપણાનું જ્ઞાન નહીં હોવાને લીધે તત્ત્વજ્ઞાનના અભાવે પરમાં ઠીક-અઠીકપણાની બુદ્ધિ કરે છે, આ શરીર મને યુવાન અવસ્થામાં ધાર્યું કામ આપે છે માટે ઠીક છે અથવા હવે વૃદ્ધાવસ્થામાં ધાર્યું કામ આપતું નથી માટે અઠીક છે—એવી માન્યતા તો મિથ્યાત્વની ઊભી કરેલી વાસના છે.

પરવસ્તુ મને ઈષ્ટ-અનિષ્ટ છે. એ વાત જ આખી ખોટી છે. આહાહા! આ તો આખા સંસારનો ઓટલો વાળવો હોય (-નાશ કરવો હોય) એની વાતો છે! બાકી સંસારમાં રખડવું હોય તેને આ વાત બેસે તેવી નથી. આ મને ઈષ્ટ છે માટે ઉપકારક છે ને આ મને અનિષ્ટ છે માટે અપકારક છે—એમ વિભ્રમથી ઊભી કરેલી વાસના છે. કર્મના લઈને કે પરપદાર્થને લઈને ઊભી કરેલી વાસના નથી પણ પોતે વિભ્રમથી ઊભી કરેલી વાસના છે.

ભાઈ! એકવાર શ્રદ્ધામાં લે કે પરવસ્તુ મને લાભદાયક કે નુકસાનકારક નથી, મારો આત્મા મને આનંદદાયક છે, ને ઊંધી માન્યતા-રાગ-દ્વેષ કરું તે મને નુકસાનકારક છે. બાકી કોઈ પરચીજ મને લાભ કે નુકસાનકારક છે જ નહીં.

ભ્રમ વિનાનો આત્મા વિભ્રમથી ભ્રમણા ઉત્પન્ન કરે છે કે પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ છે, કાંઈ કર્મ તને ભ્રમણા ઉત્પન્ન કરાવતું નથી. કર્મ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્ય તને વાસના શી રીતે ઉત્પન્ન કરાવે? દર્શનમોહનો ઉદય હોય તો આત્માને ભ્રમણા થાય એમ માનનારે પરદ્રવ્ય મને નુકસાનકારક છે એમ માન્યું!—એ ભ્રમણા વિભ્રમથી ઉત્પન્ન થયેલ સંસ્કાર છે, એ જ વાસના છે, એ જ સંસાર છે, એ જ દુઃખ છે અને એ જ પરિભ્રમણનું કારણ છે. એ સંસ્કાર સ્વાભાવિક નથી. તેમ જ પરથી ઉત્પન્ન કરાયેલા પણ નથી. પણ અનાદિથી પર્યાયમાં નવા ઊભા કર્યે જાય છે ને નરક ને નિગોદ તેમ જ કોઈવાર શેઠીયો, કોઈવાર

**મધ્યમ અન્તર-આતમ હૈં જે, દેશવ્રતી, અનગારી,**
**જઘન કહે અવિરત સમદષ્ટિ, તીનોં શિવમગચારી;** –શ્રી છઢાળા

ઢોર—એમ ચાર ગતિમાં રખડ્યે જાય છે.

આ સુખ-દુઃખની કલ્પના કોને થાય છે ?-કે દેહને ને પરને પોતાના માને ત્યારે જ તે પરને ઉપકારક ને અપકારક માની શકે છે. શરીર તે હું એમ માનનારા અનુકૂળ પદાર્થ ઠીક ને પ્રતિકૂળ પદાર્થ અઠીક એમ સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે. આનંદસ્વરૂપ આત્મા તે હું—એમ સ્વની શ્રદ્ધા ને ભાન જેને નથી ને શરીર તે હું એમ જે માનનારા છે તેને જ આવી સુખ-દુઃખની કલ્પના હોય છે.

જુઓ,આ પૂજ્યપાદ સ્વામીનો ઈષ્ટોપદેશ ! હિતકારી ઉપદેશ ! પ્રિયકારી ઉપદેશ !

હવે બીજા એક શ્લોકનો આધાર આપીને દાખલો આપે છે. પહેલાં જે સ્ત્રી-પુત્ર આદિ સારા લાગતા હતા તે મનમાં કાંઈક ચિંતા હોય તે કાળે તે જ ચીજો દુઃખરૂપ લાગે છે એમ દૃષ્ટાંતથી કહે છે કે પતિ-પત્ની સુખી માનીને સૂતાં હતાં ત્યાં પતિને મનમાં કોઈ ચિંતા ઉપજી કે અરે ! આ સટ્ટો કર્યો છે તેમાં નક્કી પાંચ લાખ ગુમાવીશ એવું કોઈ ચિંતાનું કારણ ઊભું થયું ને પત્ની પતિ સાથે રાગયુક્ત વચનો કહેવા લાગી, પરંતુ પતિ તો ચિંતિત હતો તેથી કહે છે કે હે સ્ત્રી ! તું અત્યારે મને છોડ ! આ શું કરે છે ! મને તું સંતાપ પેદા કરી રહી છો ! મને તારી આ ચેષ્ટાઓથી બિલકુલ હર્ષ થતો નથી. જોયું ! પહેલાં માનતો હતો કે આ સુંદર સ્ત્રીથી મને સુખ છે ને હવે કહે છે કે તું મને સંતાપ પેદા કરી રહી છો !

બીજો શ્લોક દૃષ્ટાંતરૂપે કહે છે કે સુંદર મહેલ, ચંદન, ચાંદની, વેણુ, વીણા તથા યૌવનવતી યુવતીઓ વગેરે, જેને પેટમાં કૂરકૂરીયા બોલતા હોય એવી ભૂખની પીડા ઊપજી હોય તેને આ બધું કાંઈ સારું લાગતું નથી. સારી ચીજ હોય તોપણ ભૂખ્યા પેટે ખરાબ લાગે ને પેટ ભર્યું હોય તો બધું સારું સારું લાગે ને પેટભર ખાવા ન મળતું હોય તો સારા પદાર્થ પણ ખરાબ લાગે છે. ચીજ સારી-નરસી નથી પણ એ ચીજ પહેલાં તેને સારી લાગતી હતી ને પછી સારી લાગતી નથી માટે પરચીજ અનુકૂળ-પ્રતિકૂળ કે સુખદુઃખકારક છે એમ નથી પણ એણે કલ્પનાથી ભ્રમણા ઊભી કરી છે.

## સવળા પુરુષાર્થથી શાંતિ : અવળા પુરુષાર્થથી અશાંતિ

ભગવાન કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પહેલાં થયા, તેના પછી મહાસમર્થ સંત પૂજ્યપાદ સ્વામી થયા; પૂજ્યપાદ સ્વામી પણ મહાવિદેહમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી

> સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિનમેં ઘાતિનિવારી,
> શ્રી અરિહન્ત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫.　　　—શ્રી છઢાળા

પાસે ગયા હતા. શ્રવણબેલગોલામાં શિલાલેખ છે કે મહાવિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધસ્વામી બિરાજે છે ત્યાં પૂજ્યપાદસ્વામી ગયા હતા. તે પૂજ્યપાદસ્વામીએ આ ઈષ્ટોપદેશ ગ્રંથની રચના કરી છે. તેમાં આપણે છઠ્ઠી ગાથાનો વિશદ્ અર્થ ચાલે છે.

આ ઈષ્ટોપદેશ છે. પરને કારણે ભૂલ છે એમ કહે તે ઈષ્ટ-હિતકારી ઉપદેશ નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી ઊંધી માન્યતા છે એમ કહે તે ઈષ્ટ ઉપદેશ છે. દરેક પદાર્થ પોતાના ઉપાદાનથી જ કાર્ય કરે છે એમ અહીં પહેલી ગાથામાં જ શરૂ કર્યું છે. પહેલી ગાથામાં આવ્યું હતું કે હું ભગવાન પરમાત્માને નમસ્કાર કરું છું કે જેમણે પોતાને પુરુષાર્થથી જ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. તેનો અર્થ એ થયો કે પોતાના સવળા પુરુષાર્થથી જ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. તેનો અર્થ એ થયો કે પોતાના સવળા પુરુષાર્થથી આત્મા શાંતિ પ્રાપ્ત કરે છે ને પોતાના અવળા પુરુષાર્થથી વિકાર પ્રાપ્ત કરે છે ને સંસારમાં રખડે છે.

અહીં કહે છે કે પેટમાં રોટલા પડ્યા હોય તો બધું ઠીક લાગે પણ રોટલાં પેટમાં ન પડ્યા હોય તો બધું અનુકૂળ હોય, સ્ત્રી વ્હાલી હોય તોપણ, ક્ષુધા લાગી હોય કે બીજી ચિંતા-ઉપાધિ આવી પડી હોય તો કાંઈ સારું લાગે નહીં. બાપુ ! શરીરાદિ સારા હોય કે ન હોય તેનું તારે શું કામ છે ?—આ આત્માની નજર કર ને ભાઈ ! તું ઊંધી નજર કરે છે એ તારો ઊલટો પુરુષાર્થ છે ને સવળો પુરુષાર્થ કરવો એ તારા હાથમાં છે, બાકી દુનિયાનું એના કારણે થયા કરે છે, તારે એનું શું કામ છે ? એની સંભાળ રાખે શું દિ' વળશે ? લાખ સંભાળ રાખીશ તોય શરીર-પૈસા આદિ એના કાળે હાલ્યા જશે. તારી સંભાળ કાંઈ કામ આવશે નહીં. જિંદગીભર આ શરીરને નવરાવ્યું, ખવરાવ્યું ને કંઈક સાચવ્યું પછી છેલ્લે ઘડીકમાં ફુ.... થઈ જશે.

અહીં તો કહે છે કે પોતાની વાસનાને કારણે અજ્ઞાનીને જ્યારે ક્ષુધા-રોગ આદિ હોય ત્યારે અનુકૂળ પદાર્થ પણ ઠીક લાગતા નથી. પરપદાર્થ કાંઈ ઠીક-અઠીક નથી પણ પોતાની વાસનાથી કલ્પના ઊભી કરી છે એમ અહીં સિદ્ધ કરવું છે. (ક્રમશઃ) ❋

જેને જેની રુચિ હોય તે તેની વારંવાર ભાવના ભાવે છે, અને ભાવનાને અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું ભવન. શુદ્ધાત્મસ્વભાવની વારંવાર ભાવના કરવાથી તેવું ભવન-પરિણમન થઈ જાય છે. માટે જ્યાં સુધી આત્માની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ ન થાય ત્યાં સુધી સત્સમાગમે વારંવાર પ્રીતિપૂર્વક તેનું શ્રવણ, મનન અને ભાવના કર્યા જ કરવી. એ ભાવનાથી જ ભવનો નાશ થાય છે. *ગુરુદેવશ્રીના વચનામૃત, બોલ નં. ૨૩૬.*

**જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મમલ, વર્જિત સિદ્ધ મહંતા,**
**તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા;** **–શ્રી છઢાળા**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા ભાગ-૩

### ૪. કાળ દ્રવ્ય

જીવ, પુદ્‌ગલ અને આકાશ દ્રવ્યને સિદ્ધ કર્યા, હવે 'કાળ' નામની એક વસ્તુ છે તેને સિદ્ધ કરવામાં આવે છે. લોકો દસ્તાવેજ કરાવે તેમાં એમ લખાવે કે 'यावत् चंद्र दिवाकरौ—જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર છે ત્યાં સુધી અમારો હક્ક છે.' આમાં કાળદ્રવ્યનો સ્વીકાર કર્યો છે. અત્યારે જ હક્ક છે એમ નહિ પણ હજી કાળ લંબાતો જાય છે તે બધા કાળમાં અમારો હક્ક છે, એમ કાળનો સ્વીકાર કરે છે. તેમ જ 'અમારી લીલીવાડી સદાય રહે' એમાં પણ ભવિષ્યકાળનો સ્વીકાર કર્યો છે. અહીં તો કાળને સિદ્ધ કરવા માટે લીલીવાડીની વાત છે, લીલીવાડી રહેવાની ભાવના મિથ્યાદૃષ્ટિની જ છે. વળી 'અમે તો સાત પેઢીથી સુખી છીએ' એમ કહે છે ત્યાં પણ ભૂતકાળ સ્વીકારે છે. ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળ એ બધા પ્રકાર કાળદ્રવ્યની વ્યવહારપર્યાયના છે. આ કાળદ્રવ્ય પણ અરૂપી છે અને તેનામાં જ્ઞાન નથી.

આ રીતે જીવ, પુદ્‌ગલ, આકાશ અને કાળદ્રવ્યની સિદ્ધિ થઈ. હવે બાકી ધર્મ અને અધર્મ એ બે દ્રવ્યો રહ્યાં.

### ૫. ધર્મદ્રવ્ય

આ ધર્મદ્રવ્યને પણ જીવ અવ્યક્તપણે કબૂલે તો છે. છએ દ્રવ્યોની અસ્તિ કબૂલ્યા વગર કોઈપણ વ્યવહાર ચાલી શકે નહીં. આવવું, જવું, રહેવું, વગેરે બધામાં છએ દ્રવ્યોની અસ્તિ સિદ્ધ થઈ જાય છે. ચાર દ્રવ્યો તો સિદ્ધ થયા છે. હવે બાકીના બે દ્રવ્યોને સિદ્ધ કરવાં છે. 'રાજકોટથી સોનગઢ આવ્યા' આમ કહ્યું તેમાં ધર્મદ્રવ્ય સિદ્ધ થઈ જાય છે. 'રાજકોટથી સોનગઢ આવ્યા' એટલે શું ? કે જીવ અને શરીરના પરમાણુઓની ગતિ થઈ, એકક્ષેત્રથી બીજું ક્ષેત્ર બદલ્યું. હવે આ ક્ષેત્ર બદલવાના કાર્યમાં નિમિત્ત દ્રવ્ય કોને કહેશો ? કેમકે એવો નિયમ છે કે દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત કારણ હોય જ છે. જીવ અને પુદ્‌ગલોને રાજકોટથી સોનગઢ આવવામાં ક્યું દ્રવ્ય નિમિત્ત છે તે વિચારીએ. પ્રથમ તો જીવ અને પુદ્‌ગલ એ ઉપાદાન છે, ઉપાદાન પોતે નિમિત્ત ન

**બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ,**
**પરમાતમકો ધ્યાય નિરંતર, જો નિત આનંદ પૂજૈ. ૬.** —શ્રી છઢાળા

કહેવાય. નિમિત્ત તો ઉપાદાનથી જુદું જ હોય, માટે જીવ કે પુદ્ગલ તે ક્ષેત્રાંતરનું નિમિત્ત નથી. કાળદ્રવ્ય તે તો પરિણમનમાં નિમિત્ત છે એટલે કે પર્યાય બદલવામાં તે નિમિત્ત છે. પણ ક્ષેત્રાંતરનું નિમિત્ત કાળદ્રવ્ય નથી. આકાશ દ્રવ્ય તે બધા દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે છે. રાજકોટમાં હતા ત્યારે પણ જીવ અને પુદ્ગલને આકાશ નિમિત્ત હતું અને સોનગઢમાં પણ તે જ નિમિત્ત છે, માટે ક્ષેત્રાંતરનું નિમિત્ત આકાશને પણ કહી શકાતું નથી. તો પછી ક્ષેત્રાંતરરૂપ જે કાર્ય થયું તેનું નિમિત્ત આ ચાર દ્રવ્યો સિવાય કોઈ અન્ય દ્રવ્ય છે એમ નક્કી થાય છે. ગતિ કરવામાં કોઈ એક દ્રવ્ય નિમિત્ત તરીકે છે પણ તે દ્રવ્ય ક્યું છે તેનો જીવે કદી વિચાર કર્યો નથી તેથી તેની તેને ખબર નથી. ક્ષેત્રાંતર થવામાં નિમિત્તરૂપ જે દ્રવ્ય છે તે દ્રવ્યને 'ધર્મદ્રવ્ય' કહેવાય છે. આ દ્રવ્ય પણ અરૂપી છે, અને જ્ઞાનરહિત છે.

### ૬. અધર્મ દ્રવ્ય

જેમ ગતિ કરવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે તેમ સ્થિતિ થવામાં તેનાથી વિરુદ્ધ અધર્મદ્રવ્ય નિમિત્તરૂપ છે. 'રાજકોટથી સોનગઢ આવીને સ્થિર રહ્યા.' સ્થિર રહેવામાં નિમિત્ત કોણ? સ્થિર રહેવામાં આકાશનું નિમિત્ત નથી, કેમકે આકાશનું નિમિત્ત તો રહેવા માટે છે. ગતિ વખતે પણ રહેવામાં આકાશ નિમિત્ત હતું તેથી સ્થિતિનું નિમિત્ત કોઈ અન્ય દ્રવ્ય હોવું જોઈએ, તે દ્રવ્ય અધર્મદ્રવ્ય છે. આ પણ અરૂપી છે અને જ્ઞાનરહિત છે.

આ રીતે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોની સિદ્ધિ કરી. આ છ સિવાય સાતમું કોઈ દ્રવ્ય છે જ નહીં અને આ છમાંથી એક પણ દ્રવ્ય ઓછું નથી. બરાબર છએ દ્રવ્યો છે અને તેમ માનવાથી જ યથાર્થ વસ્તુની સિદ્ધિ થાય છે. જો આ છ સિવાય સાતમું કોઈ દ્રવ્ય હોય તો તેનું કાર્ય બતાવી આપો? એવું કોઈ કાર્ય નથી કે જે આ છ દ્રવ્યોથી બહાર હોય, માટે સાતમું દ્રવ્ય છે જ નહીં. વળી, જો આ છ દ્રવ્યોમાંથી એક પણ ઓછું હોય તો તે દ્રવ્યનું કાર્ય કોણ કરે તે બતાવી આપો? છમાંથી એક પણ દ્રવ્ય એવું નથી કે જેના વગર વિશ્વનિયમ ચાલી શકે.

### (૨૯) છ દ્રવ્યો વિષે કેટલીક માહિતી

૧. જીવ—આ જગતમાં અનંત જીવો છે. જાણપણાના ચિહ્ન (વિશેષ ગુણ) વડે

**ચેતનતા બિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં,**
**પુદ્ગલ પંચ વરન-રસ, ગંધ દો, ફરસ વસુ જાકે હૈં;**   **–શ્રી છઢાળા**

જીવ ઓળખાય છે. કેમકે જીવ સિવાયના કોઈ પદાર્થોમાં જાણપણું નથી. અનંત જીવો છે તે બધાય એક-બીજાથી તદ્દન જુદા છે.

૨. પુદ્ગલ—આ જગતમાં અનંતાનંત પુદ્ગલો છે. સ્પર્શ, રસ, ગંધ, રંગ એ ચિહ્ન વડે પુદ્ગલો ઓળખાય છે, કેમકે પુદ્ગલો સિવાય અન્ય કોઈ પદાર્થોમાં સ્પર્શ, રસ, ગંધ કે રંગ નથી. ઇન્દ્રિયો દ્વારા જે જે પદાર્થો જણાય છે તે બધાંય પુદ્ગલ દ્રવ્યનાં બનેલાં સ્કંધો છે.

૩. ધર્મ—અહીં 'ધર્મ' કહેતાં આત્માનો ધર્મ ન સમજવો, પણ 'ધર્મ' નામનું દ્રવ્ય છે તે સમજવું. આ દ્રવ્ય એક—અખંડ છે, તે આખા લોકમાં રહેલું છે. જીવ અને પુદ્ગલોને ગતિ કરતી વખતે આ દ્રવ્ય નિમિત્તરૂપ ઓળખાય છે.

૪. અધર્મ—અહીં 'અધર્મ' કહેતાં આત્માના દોષ ન સમજવા, પરંતુ 'અધર્મ' નામનું દ્રવ્ય સમજવું. આ એક—અખંડ દ્રવ્ય છે, તે આખા લોકમાં રહેલું છે. જીવ અને પુદ્ગલો ગતિ કરીને જ્યારે સ્થિર થાય છે ત્યારે આ દ્રવ્ય નિમિત્તરૂપ ઓળખાય છે.


૫. આકાશ—આ એક અખંડ સર્વવ્યાપક દ્રવ્ય છે. બધા પદાર્થોને જગ્યા આપવાને નિમિત્તરૂપ આ દ્રવ્ય ઓળખાય છે. આ દ્રવ્યના જેટલા ભાગમાં અન્ય પાંચે દ્રવ્યો રહેલાં છે તેટલા ભાગને 'લોકાકાશ' કહેવાય છે, અને જેટલો ભાગ અન્ય પાંચ દ્રવ્યોથી ખાલી છે તેને 'અલોકાકાશ' કહેવાય છે. 'ખાલી જગ્યા' કહેવાય છે તેનો અર્થ 'એકલું આકાશ' એવો થાય છે.

૬. કાળ—અસંખ્ય કાળ દ્રવ્યો છે. આ લોકના અસંખ્ય પ્રદેશો છે તે દરેક પ્રદેશ ઉપર એક કાળદ્રવ્ય રહેલું છે. અસંખ્ય કાલાણુઓ છે તે બધાય એકબીજાથી છૂટા છે. વસ્તુમાં રૂપાંતર (ફેરફાર) થવામાં નિમિત્તરૂપ આ દ્રવ્ય ઓળખાય છે.

આ છ દ્રવ્યોને સર્વજ્ઞ સિવાય કોઈપણ પ્રત્યક્ષ જાણી શકે નહિ. સર્વજ્ઞદેવે જ આ છ દ્રવ્યો જાણ્યાં છે અને તેઓએ જ તેનું સાચું સ્વરૂપ કહ્યું છે. તેથી સર્વજ્ઞના સત્યમાર્ગ સિવાય અન્ય કોઈ જગ્યાએ છ દ્રવ્યોનું સ્વરૂપ હોઈ શકે જ નહીં. કેમકે બીજા અપૂર્ણ જીવો તે દ્રવ્યોને જાણી શકે નહીં. માટે છ દ્રવ્યના સ્વરૂપની સાચી સમજણ કરવી જોઈએ.

જિય-પુદ્ગલકો ચલન-સહાઈ, ધર્મદ્રવ્ય અનુરૂપી,
તિષ્ઠત હોય અધર્મ સહાઈ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭. —શ્રી છઢાળા

# જીવનમાં કરવા યોગ્ય કાર્ય



ગમે તેવા સંયોગોમાં અને ગમે તેવી પ્રવૃત્તિમાં પડ્યો હોય તો પણ હમેશા ચોવીસ કલાકમાંથી કલાક-બે કલાકનો વખત તો સ્વાધ્યાય-મનનમાં ગાળવો જ જોઈએ, અરે ! છેવટમાં છેવટ ઓછામાં ઓછો પા કલાક તો હમેશા નિવૃત્તિ લઈને એકાંતમાં શાંતિપૂર્વક આત્માના સ્વાધ્યાય ને વિચાર કરવા જ જોઈએ. હંમેશ પા કલાક વાંચન-વિચારમાં કાઢે તો પણ મહિનામાં સાડા સાત કલાક થાય, તથા હંમેશ હંમેશ સત્નું સ્વાધ્યાય-મનન-કરવાથી અંતરમાં તેના સંસ્કાર તાજા રહ્યા કરે અને તેમાં દૃઢતા થતી જાય... માટે આત્માર્થી જીવોએ.... જાણે હું તો જગતથી છૂટો છું. જગતની સાથે મારે કંઈ સંબંધ નથી. જગતનાં કોઈ કામનો બોજો મારા ઉપર નથી, હું તો અસંગ ચૈતન્યતત્ત્વ છું. આ પ્રમાણે નિવૃત્ત થઈને ઘડી-બે ઘડી પણ પોતાના આત્માનું ચિંતન-મનન કરવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવશ્રી (રાત્રિચર્ચામાંથી)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—પર્યાયને પરદ્રવ્યની અપેક્ષા નથી એ તો ઠીક છે, પણ શું પર્યાયને સ્વદ્રવ્યની અપેક્ષા પણ નથી.

ઉત્તર :—છએ દ્રવ્યની પર્યાય જે સમયે થવાની તે પર્યાયના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર તેના જન્મક્ષણે થાય છે. તેને અન્ય દ્રવ્યની અપેક્ષા જ નથી અને ખરેખર તો એ પર્યાયને પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. દરેક દ્રવ્યમાં પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ જન્મક્ષણે ક્રમબદ્ધ પર્યાય થાય છે. આવી સ્વતંત્રતાની વાત જગતને બેસવી કઠણ છે.

પ્રશ્ન :—દ્રવ્યમાં પર્યાય નથી તો પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે?

ઉત્તર :—દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવીને દ્રવ્યનું લક્ષ ને દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્યને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

પ્રશ્ન :—શાસ્ત્રમાં કોઈ ઠેકાણે આવે છે કે પર્યાયનો ઉત્પાદક દ્રવ્ય છે અને એમ પણ કહેવામાં આવે છે કે પર્યાય સ્વયં સત્ છે તેને દ્રવ્યની અપેક્ષા નથી—તો તે ક્યા પ્રકારે છે તે સમજાવો?

ઉત્તર :—ખરેખર પર્યાય પર્યાયથી પોતાથી જ છે, તેને પરની તો અપેક્ષા નથી પણ તેના પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. જ્યારે પર્યાયની ઉત્પત્તિ સિદ્ધ કરવી હોય ત્યારે દ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થઈ તેમ કહેવાય, પણ જ્યારે પર્યાય છે તેની અસ્તિ સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય છે તે પોતાથી સત્રૂપ છે, છે, છે ને છે, તેને દ્રવ્યની પણ અપેક્ષા નથી. જ્યારે જે અપેક્ષા સિદ્ધ કરવી હોય ત્યાં તે અર્થ લેવાય.

પ્રશ્ન :—પર્યાય દ્રવ્યથી ભિન્ન છે તો અનુભૂતિ તે જ આત્મા છે તેમ કહ્યું છે ને?

ઉત્તર :—અનુભૂતિની પર્યાયમાં આત્મદ્રવ્યનું જ્ઞાન આવી જાય છે, દ્રવ્યનું સામર્થ્ય પર્યાયમાં આવી જાય છે, જેટલું દ્રવ્યનું સામર્થ્ય છે તે પર્યાયમાં જાણવામાં આવી જાય છે તે અપેક્ષાએ અનુભૂતિની પર્યાય તે જ આત્મા એમ કહ્યું છે. જો ધ્રુવ દ્રવ્ય ક્ષણિક પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. તેથી અનુભૂતિને આત્મા કહ્યો છે.

પ્રશ્ન :—ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણ અંશ છે એ પર્યાયના ભેદ છે તેમ પ્રવચનસારમાં કહ્યું છે. તેમાં ધ્રુવ અંશ કહ્યો તે અને ત્રિકાળી ધ્રુવમાં શું ફેર છે?

ઉત્તર :—ધ્રુવ અંશ અને ત્રિકાળી ધ્રુવ તે બન્ને એક જ છે પણ ભેદની અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવને અંશ કહ્યો છે, પણ છે તો તે અંશ ત્રિકાળી ધ્રુવ જ.

પ્રશ્ન :—પર્યાયના ષટ્કારક સ્વતંત્ર છે, પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી છતાં એ પર્યાયને સન્મુખ થવાનું?

ઉત્તર :—પર્યાયના ષટ્કારક સ્વતંત્ર છે. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી છતાં એ પર્યાયની સ્વતંત્રતાને દેખનારનું લક્ષ દ્રવ્ય ઉપર જ હોય છે.

પ્રશ્ન :—પર્યાય સ્વતંત્ર જ છે તો પછી તેનું લક્ષ દ્રવ્ય ઉપર જ હોય એમ શા માટે?

ઉત્તર :—પર્યાયની સ્વતંત્રતા દેખનારનું લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે જ તેને સ્વતંત્રતા યથાર્થ બેસી શકે છે. પર તરફના લક્ષવાળાને સ્વતંત્રતા બેસે જ નહિ, અને પર્યાયની સ્વતંત્રતાના નિર્ણયનું પ્રયોજન પણ દ્રવ્યસન્મુખ થવાથી જ સિદ્ધ થાય છે. દ્રવ્યસન્મુખ થવાના પ્રયોજનથી જ પર્યાયની સ્વતંત્રતા દેખાય છે.

પ્રશ્ન :—વ્યય થતી પર્યાયના સંસ્કાર ઉત્પાદ પર્યાયમાં આવે છે?

ઉત્તર :—પર્યાયનો વ્યય થઈને ધ્રુવમાં ભળે છે. વ્યય પર્યાય ઉત્પાદમાં સંસ્કાર મૂકતી નથી. પૂર્વના સંસ્કાર નવી પર્યાયમાં મૂકે છે એ બૌદ્ધનો મત છે. તે ખોટી વાત છે. ઉત્પાદ પર્યાયને વ્યયની અપેક્ષા નથી, સ્વતંત્ર છે.

પ્રશ્ન :—તો પછી નવી પર્યાયમાં પૂર્વનું સ્મરણ આવે છે તે ક્યાંથી આવે છે?

ઉત્તર :—ઉત્પાદ પર્યાયમાં સ્મરણ આવે છે તે ઉત્પાદના સામર્થ્યથી આવે છે વ્યય પર્યાયમાં જે જ્ઞાન છે એથી પણ વિશેષ જ્ઞાન ઉત્પાદ પર્યાયમાં આવે, પણ તે ઉત્પાદ પર્યાયના સામર્થ્યથી આવે છે.



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સ્વાનુભૂતિની દશા તો વચનાતીત છે, પણ આપે જે ઈશારો કર્યો છે તેમાં થોડું વિશેષ કહો.

સમાધાન :—તે વચનથી કહેવાની વાત નથી. સ્વાનુભૂતિમાં આનંદ-તરંગો ઊછળે છે. આત્માનો સ્વભાવ અદ્‌ભુત, અપૂર્વ ને આશ્ચર્યકારી છે. આત્મામાં આનંદગુણ છે તો સ્વાનુભૂતિ થતાં આત્મા આનંદ-તરંગોમાં ડોલે છે. અનંતગુણ અને પર્યાયોથી ભરપૂર આત્માનું જેવું સ્વરૂપ છે તેવું સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે. સ્વાનુભૂતિમાં જે આનંદતરંગોમાં આત્મા ડોલે છે એ આનંદ જગતથી જુદો અને ન્યારો છે તથા વચનમાં આવે તેવો નથી. જોકે કહેવાય એમ કે આત્મા આનંદતરંગોમાં ડોલે છે, બાકી અનંતગુણની વિભૂતિ તેને પ્રગટ થાય છે, તેમાં તે ડોલે છે. મુખ્યપણે (વેદનમાં) આનંદગુણ છે એટલે આનંદતરંગોમાં ડોલે છે એમ કહેવાય છે.

દ્રવ્ય (સર્વથા) કૂટસ્થ છે અને કાંઈ કાર્ય કરતું નથી એમ નથી. તે પરિણમે છે, પર્યાયોના તરંગો ઊછળે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં તેને પર્યાય ઉપર દૃષ્ટિ નથી, પણ તેથી તેને સ્વાનુભૂતિની પર્યાય પ્રગટ થતી નથી એવું નથી. પર્યાયોમાં આનંદના તરંગો ઊછળે છે અને તે વચનાતીત છે, વચનમાં આવે એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિત આત્મા અપૂર્વ છે, અદ્‌ભુત છે ને આશ્ચર્યકારી છે. અનુભૂતિ થતાં તે આનંદતરંગમાં ડોલે છે—આવું એ જગતથી જુદું તત્ત્વ છે.

પ્રશ્ન :—ક્રોધનો ઉદય આવે તો તેનાથી બચવા માટે જ્ઞાની શું કરતા હોય?

સમાધાન :—હું તો શાંત સ્વરૂપી છું. એવી જ્ઞાયકની પરિણતિ જ્ઞાનીને પ્રગટ થઈ હોવાથી જ્ઞાયકની દોરી તેને ક્રોધથી પાછો ખેંચી લે છે, મર્યાદા બહાર ક્રોધમાં તે જતો નથી. તેને એવું ભેદજ્ઞાન છે કે ક્રોધમાં એકત્વ થતું નથી, ક્રોધથી જુદો ને જુદો રહે છે. આવી ભેદજ્ઞાનની ધારા તેને વર્તે છે.

મુમુક્ષુઃ—ઉપયોગ તો ક્રોધમાં હોય? તો શું ઉપયોગને પાછો વાળવાનો પ્રયત્ન કરે?

બહેનશ્રીઃ—ઉપયોગ ભલે ક્રોધમાં હોય; પણ જ્ઞાયકની દોરી ચાલુ જ છે. તેથી

ક્રોધમાં એકત્વ થતો નથી અને ઉપયોગને પાછો વાળવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનીની પરિણતિ તો જુદી ને જુદી રહે છે જ, પરંતુ ઉપયોગ પણ વધારે બહાર ન જાય તે રીતે તેને સહજપણે પાછો વાળે છે. જ્ઞાનીને ભેદજ્ઞાનની ધારા વર્તે છે, વિરક્તિની પરિણતિ પ્રગટી છે તથા જ્ઞાયક તેના હાથમાં છે, તેથી અંદર પરિણતિ જુદી પરિણમે છે. અમુક અંશે સ્થિરતા–લીનતાના કારણે અમુક અંશે શાંતપણું તેને છૂટતું જ નથી. બહારથી ગમે તે દેખાય, પણ ક્રોધમાં એકદમ આકુળવ્યાકુળ થતો નથી.

પ્રશ્ન :—સર્વજ્ઞકી પ્રતીતિપૂર્વક ક્રમબદ્ધકો સમજે ઉસમેં પુરુષાર્થ આતા હૈ?

સમાધાન :—પુરુષાર્થ ઈસમેં આતા હી હૈ. ભગવાનને ક્રમબદ્ધ દેખા હૈ વહ પુરુષાર્થકે સાથ દેખા હૈ. જો જીવ પુરુષાર્થ કરતા હૈ ઉસકો ભવકા અભાવ હોતા હૈ. યદિ જ્ઞાયકકા પુરુષાર્થ કરતા હૈ–જ્ઞાતા હોતા હૈ તો ભવકા અભાવ હોતા હૈ. જો જ્ઞાયકકા પુરુષાર્થ કરતે નહીં ઔર ક્રમબદ્ધ કહતે હૈં તો ઉસે નુકસાન હોતા હૈ.

પ્રશ્ન :—જ્ઞાનીકી અંતરંગ દશા કૈસી હોતી હૈ?

સમાધાન :—જ્ઞાનીકી અંતરંગ દશા અલગ પ્રકારકી હૈ. ભેદજ્ઞાનકી સહજ ધારા નિરંતર રહતી હૈ. જ્ઞાયકકી ધારા હોનેસે જો જો વિકલ્પ ઉઠતે હૈં વહ સબસે જ્ઞાની ભિન્ન રહતે હૈં ઔર જ્ઞાની વિકલ્પરૂપ જ્ઞાયક નહિ, પરિણતિરૂપ જ્ઞાયક રહતા હૈ.

જૈસે અજ્ઞાનીકો અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ, વૈસે જ્ઞાનીકો ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ, સહજ પુરુષાર્થ હૈ. બાહરમેં સબ દિખનેમેં આતા હૈ કિન્તુ ઉસકા અંતર ગ્રહણ કરે તો ઉસકી દશા પકડનેમેં આતી હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની બાહરસે તો ગૃહસ્થાશ્રમમેં રહતા હૈ લેકિન ઉસકા અંતરંગ પરિચય હોવે તો ખ્યાલમેં આવે કિ ઉસકા હૃદય ભીતરમેં ક્યા હૈ? જો જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હોવે ઉસકો પિછાનના મુશ્કિલ હોતા હૈ.

પ્રશ્ન :—આપકે વચનામૃતમેં જ્ઞાન–વૈરાગ્યકી ધારાકા કહીં બાર ઉલ્લેખ આયા હૈ. તો ઉસમેં ક્યા ભાવ લેના?

સમાધાન :—મૈં તો જ્ઞાયકસ્વરૂપ હૂં, વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ – ઐસે જ્ઞાયકકો યથાર્થ પીછાનકે ગ્રહણ કરતા હૈ તબ સભી વિભાવસે વિરક્ત હોતા હૈ. જો જો કાર્ય બાહરમેં હોતા હૈ ઔર ભીતરમેં જો જો વિકલ્પ આતા હૈ વહ સબસે ન્યારા હો જાતા હૈ ઔર વહી સચ્ચા ન્યારા હો ગયા હૈ. અલૌકિક જ્ઞાનસે જ્ઞાયકકો ગ્રહણ કરતે હી જ્ઞાન–વૈરાગ્યકી ધારા નિરંતર ચલતી હૈ. ઉસકા હૃદય શુષ્ક નહીં હોતા લેકિન વૈરાગ્ય–જ્ઞાનકી ધારા નિરંતર ચલતી હૈ. યદિ જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હો તો મૈં કબ મુનિ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

## બાળ વિભાગ

# દ્વારકા કેવી રીતે નાશ પામી?

(હરિવંશ પુરાણનો એક વૈરાગ્ય પ્રસંગ)

(દ્વારિકા નગરી ભલે બળી ગઈ પણ ધર્માત્માની શાંત પર્યાય બળી નથી. તે તો અગ્નિથી તથા શરીરથી અલિપ્ત ચૈતન્યરસમાં લીન હતી.)

આ બાજુ દ્વીપાયન મુનિ, જે વિદેશમાં વિહાર કરી ગયા હતા. તે પણ ભૂલીને અને ભ્રમથી બાર વર્ષ પૂર્ણ થઈ ગયા—એમ સમજીને દ્વારિકાની સમીપ આવ્યા. તે મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી પણ સર્વજ્ઞની શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને મનમાં આ વિચાર કરવા લાગ્યા કે બાર વર્ષ તો વીતી ગયા. ભગવાને મારા વિષે ભવિતવ્ય ભાખ્યું હતું તે વીતી ગયું. એમ વિચાર કરીને તેમણે દ્વારિકાના કદંબવનની પાસે આતાપન યોગ ધારણ કર્યો. અરે! જે જે દેખ્યું વીતરાગે તે તેમ જ થાશે રે....

ભવિતવ્યના યોગથી બરાબર તે જ સમયે અનેક યાદવકુમાર વનક્રીડા કરવા માટે આવે છે. તેઓ થાકી ગયા છે અને તેમને જોરદાર તરસ લાગી હતી, તેથી કદંબવનના કુંડમાંથી પાણી પીધું. પહેલાં યાદવોએ જે મદ્યાદિ પદાર્થ નગરીની બહાર ફેંકી હતી, તે પાણી સાથે મળીને આ કુંડમાં એકઠી થઈ ગઈ હતી, તેમાં અનેક પ્રકારના ફળ પડ્યા હતા, સૂરજની ગરમીને કારણે તે પાણી મદિરા સમાન થઈ ગઈ હતી. તરસથી યાદવકુમારોએ તે પાણી પીધું અને બસ, કદંબવનની તે કાદંબરી (મદિરા)ને પીવાથી તે યાદવકુમારોને નશો ચઢ્યો ને તેઓ નશામાં મત્ત થઈને જેમ-તેમ બોલવા લાગ્યા, ઉટપટાંગ નાચવા લાયા. તે સમયે તેમણે દ્વીપાયન મુનિને જોયા. જોતા જ કહ્યું—

‘‘અરે! આ તો દ્વીપાયન છે, તેના દ્વારા જ દ્વારિકા નગરીનો નાશ થવાનો હતો, ત્યારે તે તે અહીંથી ભાગી ગયો હતો, પરંતુ આજે અમારાથી બચીને ક્યાં જશે?’’ —એમ કહીને તે કુમારો નિર્દયતાથી તે મુનિને પત્થરથી મારવા લાગ્યા.

યાદવકુમારોએ તેમને એટલા માર્યા કે તેઓ જમીન ઉપર પડી ગયા. તે સમયે તે દ્વીપાયન મુનિ અતિ ક્રોધિત થયા. જુઓ ભવિતવ્ય! ક્રોધથી આંખો મીચીને તેમણે આંખો ચડાવીને યાદવોના નાશ માટે કટિબદ્ધ થયા. યાદવકુમાર ભયથી ભાગવા લાગ્યા. દોડતા-દોડતા દ્વારિકા નગરીમાં આવ્યા અને આખા નગરમાં ખળભળાટ થઈ ગયો.

બળદેવ અને શ્રીકૃષ્ણ તો આ સાંભળતા જ મુનિને શાંત કરવા માટે દોડ્યા.

જેમના સામે આંખો મેળવવી મુશ્કેલ હતું તથા જેમણે સંપૂર્ણ દ્વારિકા નગરીના પ્રાણ વશમાં કરી લીધા છે એવા ક્રોધાગ્નિથી સળગતા ભયંકર દ્વીપાયન મુનિના સમક્ષ શ્રીકૃષ્ણ-બળદેવે હાથ જોડીને નમસ્કાર કરીને નગરીનું અભયદાન માગ્યું–

"હે સાધુ! રક્ષા કરો !! ક્રોધને શાંત કરો !!! તપનું મૂળ ક્ષમા છે, માટે ક્રોધ છોડીને આ નગરીની રક્ષા કરો. ક્રોધ તો મોક્ષના સાધનરૂપ તપને એક ક્ષણમાં બાળી નાખે છે, માટે ક્રોધને જીતીને ક્ષમા કરો. હે સાધુ! બાળકોની અવિવેકી ચેષ્ટાને માટે અમને ક્ષમા કરો અને અમારી ઉપર પ્રસન્ન થાઓ"–

આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને બલદેવ બંને ભાઈઓએ પ્રાર્થના કરી, પરંતુ ક્રોધી દ્વીપાયને તો દ્વારિકા નગરીને બાળી નાખવાનો નિશ્ચય કરી લીધો હતો, બે આંગળી ઊંચી કરીને તેઓ આમ સૂચિત કર્યું કે–

"માત્ર તમે બે ભાઈઓ જ બચશો, બાકી કોઈ નહીં."

તે સમયે બંને ભાઈઓએ જાણ્યું કે બસ, હવે દ્વારિકામાં બધાના નાશનો સમય આવી ગયો છે. બંને ભાઈ ખેદખિન્ન થઈને દ્વારિકા આવી ગયા અને હવે શું કરવું તેની ચિંતા કરવા લાગ્યા. આ બાજુ મિથ્યાદષ્ટિ દ્વીપાયન ભયંકર ક્રોધરૂપ અગ્નિથી આ દ્વારિકાપુરીને ભસ્મ કરવા લાગ્યા. દેવો રચિત દ્વારિકા નગરી એકાએક ભડભડ સળગવા લાગી. હું નિર્દોષ હોવા છતાં પણ આ લોકોએ મને માર્યો, માટે હવે હું આ પાપીઓ સહિત આખી નગરીને ભસ્મ કરી નાખીશ. આમ આર્તધ્યાન સહિત તેજસ લેશ્યાથી તેઓ નગરીને સળગાવવા લાગ્યા. આખી નગરીમાં ઉત્પાત મચી ગયો. ઘરઘરમાંથી ભયથી કરુણ ચિત્કાર થવા લાગ્યો.

પાછલી રાત્રિમાં નગરીમાં લોકોએ ભયંકર સ્વપ્ન જોયા હતા. આ બાજુ ક્રોધી દ્વીપાયન મનુષ્ય અને પશુઓથી ભરેલી આ દ્વારિકા નગરીને બાળવા લાગ્યા. આગથી અનેક પ્રાણી બળવા લાગ્યા તે સમયે તે અત્યંત કરુણ ચિત્કાર કરવા લાગ્યા... કોઈ અમને બચાવો રે બચાવો! આવો કરુણ ચિત્કાર શ્રીકૃષ્ણની નગરીમાં ક્યારેય સાંભળવામાં આવ્યો નહોતો. બાળ, વૃદ્ધ, સ્ત્રી, પશુ અને પક્ષી બધા જ આગમાં બળવા લાગ્યા... દેવો દ્વારા રચિત દ્વારિકા નગરી છ મહિના સુધી આગમાં સળગતી રહી અને હંમેશાને માટે નાશ પામી. ખાસ વાત તો એ કે દ્વીપાયન મુનિ પણ પોતે સળગાવેલી અગ્નિમાં ભસ્મ થઈ ગયા.

કોઈ અહીં પ્રશ્ન કરે કે–"અરે! આ મહાન વૈભવશાળી દ્વારિકા નગરી, જેની

દેવોએ રચના કરી હતી અને જેમની અનેક દેવો સહાયતા કરતા હતા તે બધા અત્યારે ક્યાં ગયા ? કોઈએ દ્વારિકાને કેમ ન બચાવી ? બળદેવ-વાસુદેવનું પુણ્ય પણ ક્યાં ગયું ?

તેનું સમાધાન —હે ભાઈ ! સર્વજ્ઞ ભગવાન દ્વારા જાણવામાં આવેલી ભવિતવ્યતા ટાળવી અશક્ય છે. જે સમયે આ ઘટના ઘટી તે સમયે દેવ પણ દૂર ચાલ્યા ગયા હતા. કેમકે ભવિતવ્યતા પણ તે જ અનુસાર હતી તો દેવ પણ શું કરી શકે ? જો દેવ ન જાત અને નગરીની રક્ષા કરત તો તે કેમ સળગી હોત ? અરે ! જ્યારે નગરીના નાશનો સમય આવ્યો ત્યારે દેવ પણ ચાલ્યા ગયા. પુણ્ય સંયોગ કોઈનો કાયમ રહેતો નથી, તે તો અસ્થિર છે.

દ્વારિકા નગરીના બળવાથી પ્રજાજનો અત્યંત ભયભીત થઈને બળદેવ-વાસુદેવની શરણમાં આવ્યા અને અત્યંત કરુણાથી પોકારવા લાગ્યા—

"હે નાથ ! હે કૃષ્ણ ! અમારી રક્ષા કરો, આ ઘોર અગ્નિથી અમને બચાવો."

તેમની આંખોની સામે ભડભડ બળતી દ્વારિકા નગરીને જોઈને બંને ભાઈઓ આકુળ-વ્યાકુળ થઈ ગયા. જો કે બંને ભાઈઓ આત્મજ્ઞાની હતા—તેઓ જાણતા હતા કે દ્વારિકાના આ બધા પરદ્રવ્યોમાંથી કોઈ અમારું નથી. આ બધાથી નિરાળો ચૈતન્યસ્વરૂપ આત્મા અમારો છે, તોપણ તે મોહવશ વ્યાકુશ થઈને બોલવા લાગ્યા—"અરે ! અમારા મહેલ અને રાણીઓ સળગી રહી છે, પરિવાર અને પ્રજાજનો સળગી રહ્યા છે, કોઈ તો બચાવો ! કોઈ દેવ તો સહાયતા કરવા માટે આવો !"

પરંતુ સર્વજ્ઞદેવ દ્વારા જોવામાં આવેલ ભવિતવ્યતા સામે અને દ્વીપાયન ઋષિના ક્રોધના સામે દેવ પણ શું કરે ? આયુષ્ય પૂર્ણ થવા સમયે ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ પણ જીવને બચાવવા સમર્થ નથી. ત્યારે તો માત્ર એક પોતાનો આત્મા જ શરણ છે.

જ્યારે કોઈ ઉપાય ન સૂઝ્યો ત્યારે શ્રીકૃષ્ણ અને બળદેવ નગરીનો કિલ્લાની દિવાલ તોડીને સમુદ્રના પાણીથી આગ બુઝાવવા લાગ્યા, પણ આ શું ! પાણી પણ તેલ સમાન થવા લાગ્યું અને તેના દ્વારા આગ વધારે સળગવા લાગી. તે સમયે આગને રોકવા અસમર્થ જાણી બંને ભાઈ માતા-પિતાને નગરની બહાર નિકાળવા માટે પ્રયત્નશીલ થયા. રથમાં માતા-પિતાને બેસાડી ઘોડા જોડ્યા પણ રથ ચાલ્યો નહીં, હાથી જોડ્યા તોપણ ચાલ્યો નહીં. રથના પૈડા જમીનમાં ધસી ગયા... અંતમાં હાથી-ઘોડાથી રથ ચાલ્યો નહીં—એમ જાણીને શ્રીકૃષ્ણ અને બળદેવ બંને ભાઈ જોતાઈને રથને ખેંચવા લાગ્યા... પરંતુ રથ ન ચાલ્યો તે ન જ ચાલ્યો. જે સમયે બળદેવ જોર કરીને રથને દરવાજા સુધી લાવ્યા.... તે સમયે નગરીના દરવાજા આપોઆપ બંધ થઈ ગયા. બંને

ભાઈઓએ દરવાજો તોડવાની કોશિશ કરી તે સમયે આકાશવાણી થઈ—

"માત્ર તમે બંને ભાઈઓ જ દ્વારિકામાંથી જીવિત નીકળી શકશો, ત્રીજો કોઈ નહીં. માતા-પિતાને પણ તમે નહીં બચાવી શકો."

તે સમયે તેમના માતા-પિતાએ ગદ્‌ગદ્‌ભાવે કહ્યું—

"હે પુત્રો ! તમે શીઘ્ર ચાલ્યા જાઓ, અમારું મરણ નિશ્ચિત છે. અહીંથી એક ડગલું આગળ નહીં વધી શકીએ. માટે તમે જાઓ... તમે યદુવંશના તિલક છો. તમે જીવિત રહેશો તો બધા જીવિત રહેશે." બંને ભાઈ અત્યંત હતાશ થયા અને માતા-પિતાના ચરણસ્પર્શ કરીને રોતા-રોતા તેમની આજ્ઞા લઈને નગરની બહાર ચાલ્યા ગયા. ત્રણ ખંડના ઈશ્વર પણ માતા-પિતાને બચાવી ન શક્યા.

શ્રીકૃષ્ણ અને બળદેવે બહાર આવીને જોયું, તો આ શું ? સુવર્ણરત્નમયી દ્વારિકા નગરી આખી ભડભડ સળગી રહી છે. ઘર-ઘરમાં આગ લાગી છે, રાજમહેલ ભસ્મ થઈ ગયા છે.

તે સમયે બંને ભાઈઓ એક-બીજાને ગળે મળીને રોવા લાગ્યા... ને દક્ષિણ દેશ તરફ ચાલ્યા. (જુઓ, આ પુણ્ય-સંયોગની દશા !)

આ બાજુ દ્વારિકા નગરીમાં તેમના પિતા વસુદેવ આદિ અનેક યાદવો અને રાણીઓ પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરીને દેવલોકમાં ગયા. બળદેવના કેટલાક પુત્રો તદ્‌ભવમોક્ષગામી હતા તથા સંન્યાસ લેવાની ઈચ્છા રાખતા હતા તેમને દેવો નેમિનાથ ભગવાન પાસે લઈ ગયા. અનેક યાદવો અને તેમની રાણીઓ કે જેઓ ધર્મધ્યાનની ધારક હતી અને જેનું અંતઃકરણ સમ્યગ્દર્શનથી શુદ્ધ હતું, તેમણે પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરી લીધો. તેથી અગ્નિનો ઘોર ઉપસર્ગ પણ આર્ત-રોદ્ર ધ્યાનનું કારણ બન્યું નહીં. ધર્મધ્યાનપૂર્વક દેહ છોડીને સ્વર્ગમાં ગયા.

દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને પ્રાકૃતિક આ ચાર પ્રકારના ઉપસર્ગ છે. તે મિથ્યાદૃષ્ટિ જીવને આર્ત-રોદ્ર ધ્યાનના કારણ છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવને તો મિથ્યાભાવના કારણ નથી થતા. જે સાચા જિનધર્મી છે, તે મરણને પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ કાયર નથી થતા. કોઈપણ પ્રકારનું મરણ આવે તો પણ ધર્મની જ દૃઢતા રહે છે. અજ્ઞાનીને મરતા સમયે ક્લેશ થાય છે, જેથી તેઓ કુમરણ કરીને કુગતિમાં જાય છે જે જીવ સમ્યગ્દર્શન દ્વારા શુદ્ધ છે, જેમના પરિણામ ઉજ્જ્વળ છે, તે જીવ સમાધિપૂર્વક મરણ કરીને સ્વર્ગમાં જાય છે અને પરંપરા મોક્ષને પ્રાપ્ત થાય છે. *(ક્રમશઃ)* ❋

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)

અનુભવાતા હોવાથી તે અશુચિ છે. આત્મામાં પૂજા-ભક્તિ-દયા-દાન-વૈયાવૃત્ય-સ્મરણ આદિનો ભાવ દેખાય છે તે રાગ છે, આસ્રવ છે, મળ છે ને ભગવાન આત્મામાં તે મેલપણે અનુભવાય છે તેથી તે અશુચિ છે. પંચમહાવ્રતના પરિણામ છે તે રાગ છે, અશુચિ છે.

ભગવાન આત્મા તો આસ્રવથી ભિન્ન સદાય અતિ નિર્મળ છે. પુણ્ય-પાપના ભાવ તો ક્ષણિક છે, મેલપણે છે ને મેલપણે અનુભવાય છે ને ભગવાન આત્મા તો ત્રિકાળી છે, સદાય છે, નિર્મળાનંદ પ્રભુ છે. ભગવાન આત્મા તો, સ્ફટિક જેમ નિર્મળ છે તેમ, સદાય અતિ નિર્મળ છે. ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ, જાણવા-દેખવારૂપ જ્ઞાતાદૃષ્ટાપણે જ્ઞાયક હોવાથી મહાશુચિ છે.

આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ! તારો આત્મા તો ભગવાન છે અને તે ત્રણેકાળે સદાય અતિનિર્મળ છે. જાણનાર-દેખનાર જ્ઞાયક છે, તેથી અત્યંત શુચિ જ છે. પવિત્ર જ છે, ઉજ્જ્વળ જ છે. રાગથી ભિન્ન પડીને નિર્મળાનંદ પ્રભુનો અનુભવ કરવો તેને જૈન ધર્મ ને મોક્ષમાર્ગ કહે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)

પ્રત્યેક વસ્તુ કાયમ રહીને તેની અવસ્થા પ્રતિક્ષણ પલટે છે. તે અવસ્થામાં સંસાર અને મોક્ષ થાય છે. સંસારમાં બધા જીવ સમાન નથી. કોઈ સુખી છે, કોઈ દુઃખી છે—એમ વિવિધ પ્રકારની અસમાનતા, અશુદ્ધતા વગર રહી શકતી નથી. માટે પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે અને સ્વભાવથી ત્રિકાળી શુદ્ધ. આ શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને, તેમાં એકાગ્ર થતાં પર્યાયની અશુદ્ધતાનો અભાવ થઈને, શુદ્ધતા પ્રગટ થયા વિના રહેતી નથી.

તાત્પર્ય એમ છે કે લોકમા અનંત જીવ છે. તેમાં પર્યાયથી શુદ્ધ જીવ પણ છે અને અશુદ્ધ પણ છે. બધા જીવ સર્વથા શુદ્ધ જ છે—એમ નથી અને બધા જીવ અશુદ્ધ જ છે—એમ પણ નથી. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

હોઉં, કબ કેવલજ્ઞાન હોવે ઐસી ભાવના અર્થાત્ વારંવાર ભીતરમેં જાનેકી ભાવના અંતરમેંસે બહોત આતી હૈ. (જ્ઞાયકકી) પરિણતિ નિરંતર ચલતી હૈ, કભી કભી નિર્વિકલ્પ દશા હોતી હૈ ઔર ભેદજ્ઞાનકી ધારા નિરંતર રહતી હૈ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૫ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

* ચુડા નિવાસી (હાલ અમદાવાદ) શ્રી સૂર્યકાંત ત્રિભોવનદાસ વોરા (ઉં.વ. ૮૪)નું તા. ૭-૮-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી જ્યોત્સનાબેન મહાસુખલાલ શાહ(-તેઓશ્રી બ્ર. ઈન્દુબેન ડેલીવાળાના ભાભી)નું ભાવનગર મુકામે તા. ૨૬-૮-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાણપુર નિવાસી (હાલ વિલે પાર્લા) હસમુખભાઈ વેલશીભાઈ વસાણી (ઉં.વ. ૮૫) તા. ૪-૯-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી (હાલ વિલે-પાર્લા) શ્રી વસંતલાલ પ્રભુલાલ પારેખ (–તેઓ ડૉ. પ્રવીણભાઈ દોશીના મામા) (ઉં. વ. ૯૫) તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો.
* દામનગર નિવાસી (હાલ અમદાવાદ) હીરાબેન ચંદુલાલ શાહ (ઉં.વ. ૯૦)નું તા. ૧૮-૯-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* વિછીંયા નિવાસી (હાલ ભાવનગર) મુકુંદરાય મણિલાલ શાહ (-તેઓ બ્ર. વૃજલાલભાઈ વઢવાણવાળાના ભાણેજ જમાઈ) (ઉં.વ. ૮૨) તા.૨૧-૯-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ અપાર શ્રદ્ધાવંત હતા.
* વિછીંયા નિવાસી (હાલ મુલુંડ) કનુભાઈ શાંતિલાલ ડગલી (–તેઓ સ્વ. શાંતિલાલ પાનાચંદ ડગલીના સુપુત્ર) (ઉ.વ. ૯૧)નું દેહ પરિવર્તન તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ થયેલ છે. તેઓ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના અભ્યાસી હતા અને વારંવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતા.
* આત્માર્થી શ્રી ચંપાબેન રસિકલાલ શાહ (–તેઓ શ્રી છગનલાલ કાલીદાસ વાધરની સુપુત્રી તથા આપણા આદરણીય મુમુક્ષુ શ્રી ત્રંબકભાઈ વાધરના નાનાબેન)(ઉ.વ.૮૯)નું તા. ૮-૧૦-૨૦૧૯ના રોજ મુંબઈ મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી તેમજ સુવર્ણપુરી પ્રત્યે ઘણો જ ભક્તિભાવ હતો. તેઓ ખૂબ જ શાંત પ્રકૃતિ-સ્વાધ્યાયપ્રેમી હતા.

## (૭૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર બે પ્રકારે છે તે વિચારીને લખો.)

| | | |
|---|---|---|
| (૧) | જીવના બે પ્રકાર | – (૧) સંસારી (૨) મુક્ત |
| (૨) | સંસારી જીવના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૩) | પરમાત્માના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૪) | ભગવાનના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૫) | સંયમના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૬) | ઉપશમ સમકિતના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૭) | મિથ્યાત્વના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૮) | ચારિત્રના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૯) | જ્ઞાનના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૦) | મોક્ષના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૧) | ઉપયોગના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૨) | મોહનીય કર્મના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૩) | હિંસાના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૪) | નયના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૫) | શ્રેણીના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૬) | ૭મા ગુણસ્થાનના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૭) | સમ્યક્ત્વની ઉત્પત્તિમાં બે ભેદ | – (૧)............ (૨) .............. |
| (૧૮) | પર્યાયના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૧૯) | વનસ્પતિના બે પ્રકાર | – (૧)............ (૨) .............. |
| (૨૦) | બે ચક્રવર્તી નરકમાં | – (૧)............ (૨) .............. |

## પ્રૌઢ માટેના પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૧૯ના ઉત્તર

| | | | | |
|---|---|---|---|---|
| (૧) હા | (૫) હા | (૯) ના | (૧૩) હા | (૧૭) હા |
| (૨) ના | (૬) હા | (૧૦) હા | (૧૪) હા | (૧૮) ના |
| (૩) ના | (૭) હા | (૧૧) હા | (૧૫) ના | (૧૯) હા |
| (૪) હા | (૮) હા | (૧૨) ના | (૧૬) ના | (૨૦) ના |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૧૯ના ઉત્તર

**જોડી બનાવો (કોણ ક્યાંથી મોક્ષે ગયા.)**

(૧) ૨૦ તીર્થંકર .................................. સમ્મેદશિખર
(૨) રામ, હનુમાન વિ. .................................. માંગીતુંગી
(૩) દેશભૂષણ–કુલભૂષણ .................................. કુંથલગિરિ
(૪) ગુરુદત્ત .................................. દ્રોણગિરિ
(૫) યુધિષ્ઠિર .................................. શત્રુંજય
(૬) નંગ–અનંગકુમાર .................................. સોનાગિરિ
(૭) બાલિ મુનિ .................................. કૈલાસપર્વત
(૮) લવ–કુશ .................................. પાવાગઢ
(૯) વાસુપૂજ્ય ભગવાન .................................. ચંપાપુરી
(૧૦) સાત બળભદ્ર .................................. ગજપંથા

(૧૧) પારસનાથ ભગવાન
(૧૨) પાકર ફળ
(૧૩) પાપ
(૧૪) પાવાગઢ
(૧૫) પાતાળલોક
(૧૬) પારમાર્થિક પ્રત્યક્ષ
(૧૭) પારિણામિક ભાવ
(૧૮) પારસનાથ ભગવાન
(૧૯) પાત્ર જીવને
(૨૦) પાદપ્રક્ષાલ

### ❋ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❋

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૧૫-૧૧-૨૦૧૯, શુક્રવારથી કારતક વદ ૭ તા. ૧૯-૧૧-૨૦૧૯, મંગળવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

## (૭૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**દીપાવલી પર્વ નિમિત્તે આપેલ પ્રશ્નના ઉત્તર દિ અથવા દી થી શરૂ થશે**

(૧) એક તહેવારનું નામ .....................

(૨) પૂજામાં વપરાતા એક દ્રવ્યનું નામ ...........................

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીના મોટાભાઈનું નામ ...........................

(૪) ભગવાનની ૐ ધ્વનિનું અપર નામ ...........................

(૫) ફતેહકુમાર (પૂજ્ય ગુરુદેવશ્રીનો પૂર્વભવ)ના પિતાનું નામ........................

(૬) અનુભવપ્રકાશના રચયિતાનું નામ........................

(૭) શ્રી શીતલનાથ ભગવાનના પિતાનું નામ ..........................

(૮) ...................... શુભાશુભ ભાવોંસે મેરા વ્યાપાર ચલા કરતા.

(૯) પૂજ્ય ગુરુદેવનો પૂર્વ એક મનુષ્યભવ ................. તરીકેનો હતો.

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રી ઘણીવાર પ્રવચનમાં કહે છે કે ........... પલટ તો દશા પલટાઈ જશે.

---

**પ્રસ્તુત પ્રશ્નોના ઉત્તર પા થી શરૂ થશે**

(૧૧) તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા લે છે ત્યારે શેમાં બેસીને વનમાં પ્રયાણ કરે છે ? ...........................

(૧૨) ઘાતિકર્મની ૪૭ પ્રકૃતિઓને કહેવામાં આવે છે. ...........................

(૧૩) બુદ્ધિ-ઋદ્ધિના ૧૮ પ્રકારમાંથી એક પ્રકાર ...........................

(૧૪) નારકીનું શરીર કોની જેમ વિખરાઈ જાય છે ? ...........................

(૧૫) સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવા માટે સૌથી પ્રથમ શું કેળવવું જોઈએ ?.....................

(૧૬) અગ્નિના સ્વભાવનો એક પ્રકાર ...........................

(૧૭) શ્રાવકનો એક ભેદ ...........................

(૧૮) જેના સ્પર્શ કરવાથી લોખંડ પણ સોનું બની જાય છે ? ...........................

(૧૯) તુજ............. પંકજ જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે.

(૨૦) મારીચિના જીવે ૩૬૩ .................... મત ચલાવ્યા હતા.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**

**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

# ઓગણીસમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૯ થી ૩૦-૧૨-૨૦૧૯)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારોનું સિંચન આપણી ભાવી પેઢીમાં પણ થાય તે અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા અઢાર વર્ષોથી બાળ સંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણીમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ઓગણીસમી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિર પ્રસંગે તા. ૨૫ અને ૨૬ ડિસેમ્બર જામનગર, મોરબી, રાજકોટ, પોરબંદર, જૂનાગઢના દર્શન-યાત્રાનું તથા તા. ૨૭-૧૨-૨૦૧૯ શુક્રવારથી તા. ૩૦-૧૨-૨૦૧૯ સોમવાર સુધી સોનગઢમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા
પ્રમુખ

શ્રી જિતેન્દ્રભાઈ શાહ
સેક્રેટરી

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પ્રશ્ન :—આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય ?

ઉત્તર :—એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે. તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ. અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો મહાત્મ્ય આવે એમ નહીં. કેટલાક એમ લઈ લ્યે છે, પણ પહેલા મહાત્મ્ય આવે તો મહાત્મ્ય આવતાં ભાન થાય એમ છે. ૩૮૧.

● આત્માને ઓળખવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે, તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે. ૩૮૨.

● (પરસન્મુખ જ્ઞાનમાં થતું પરલક્ષ છોડાવવા અને પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ વેદ્ય-વેદકપણે જાણવા યોગ્ય છે. તે ન્યાયે...) જ્ઞેય-જ્ઞાયકસંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે કે છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. પરંતુ જીવથી ભિન્ન પુદ્ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે ! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ (પર સન્મુખપણે) નથી પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું, પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે. ૩૮૩.

● પોતાની અપેક્ષા બીજા દ્રવ્યો અસત્ છે. પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્નું જ્ઞાન કરવું. પોતાના સત્નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહીં, અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે. ૩૮૪.

Posted at Songadh PO
Publish on 1-11-2019
Posted on 1-11-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org